બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

સત્સંગ શિક્ષણ પરીક્ષા

# ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - તૃતીયખંડ

પ્રશ્નપત્ર - ૨

(સમય : બપોરે ૨ થી ૫) રવિવાર, ૭ જુલાઈ, ૨૦૧૩ કુલ ગુણ : ૧૦૦

**☞ અગત્યની સૂચના ☜**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ☐ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

વિભાગ : ૧ : 'બ્રહ્મવિદ્યાનો રાજમાર્ગ' નવી આવૃત્તિના આધારે

**પ્ર.૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ ૬)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૧, ૪ (૪) ૨. ૨, ૩ (૧૨૬) ૩. ૧, ૪ (૨૭)

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. વચ.ગ.અં.૩૯ પ્રમાણે ભગવાનને વિશે કઈ રીતે પ્રીતિ કરવી ? (૫૧)

જ. માયિક ભાવ ટાળીને અત્યંત શુદ્ધભાવે પ્રીતિ કરવી.

૨. કઠણમાં કઠણ સાધન કયું છે ? (૧૭૨)

જ. ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ સાધન નથી.

૩. ગુણાતીતાનંદ સ્વામીના મતે અસેવા તે શું છે ? (૧૪૮)

જ. ગુણાતીતાનંદ સ્વામીના મતે અવગુણ લેવો તે અસેવા છે.

૪. શેના વિના અરધો સત્સંગ કહેવાય ? (૧૦૪)

જ. સાંખ્ય વિના અરધો સત્સંગ કહેવાય.

૫. વચનામૃતમાં ગ.પ્ર.૮ અને ગ.પ્ર. ૧૮ પ્રમાણે સાધકના જીવનમાં જો ધર્મ ન હોય તો શી ખોટ આવે ? (૭૯)

જ. વચનામૃતમાં ગ.પ્ર.૮ અને ગ.પ્ર. ૧૮ પ્રમાણે સાધકના જીવનમાં જો ધર્મ ન હોય તો અંતઃકરણ ભ્રષ્ટ થાય.

**પ્ર.૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ ૫)**

૧. ભગવાન અને સંતને માયા પર સમજે, તો ભક્ત પણ માયા પર થાય (૪૧)

**જ. નિર્દોષબુદ્ધિ (દિવ્યભાવ) રાખવાથી લાભ**

૨. મોક્ષનું કારણ તો ભગવાનની નિષ્ઠા છે. (૩૩)

**જ. સ્વરૂપનિષ્ઠાથી જ કલ્યાણ**

૩. પંચવિષય છે તે તો પૂર્વે દેવ મનુષ્યાદિકને વિશે અનંત દેહે કરીને આપણે જીવે ભોગવ્યા છે, તો પણ હજી લગણ એ વિષયની તૃપ્તિ થઈ નથી. (૧૦૭)

**જ. પંચવિષયના ભોગની અતૃપ્તિ**

૪. હાલતાં ચાલતાં સ્વામિનારાયણનું ભજન કર્યેથી પાપ બળી જાય. (૬૦)

**જ. કીર્તનભક્તિથી લાભ**

૫. એક રુચિવાળા બે જ હોઈએ તો હજારો ને લાખો છીએ. (૧૧૫)

**જ. સંપથી લાભ**

૯૦૨

**પ્ર.૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા મુદ્દા સાચા લખ્યા હોય તો ૧ ગુણ આપવો.**

૧. સ્વામિનારાયણીય સાધનાની વિશેષતાઓ (દ્દથી૯) (અનુક્રમણિકા - પેજ. ૧૦)

જ. (૧) સમન્વયાત્મક સાધના (૨) સર્વસુગમ અને સર્વસુલભ સાધના (૩) પરબ્રહ્મની પ્રાપ્તિ માટે નહિ, પણ એમના રાજીપા માટે સાધના (૪) સાધનાના ઉત્કૃષ્ટ આદર્શરૂપ ગુણાતીત સત્પુરુષનું પ્રગટપણું

૨. આજ્ઞા-અનુવૃત્તિરૂપ ભક્તિ (અનુક્રમણિકા - પેજ. ૧૧)

જ. (૧) આજ્ઞા-અનુવૃત્તિ પાળવાથી લાભ (૨) આજ્ઞા-અનુવૃત્તિ ક્યારે પળાય ? (૩) આજ્ઞા-અનુવૃત્તિ કેવી રીતે પાળવી ?

**પ્ર.૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**નોંધ : જ્યાં પણ શાસ્ત્રોના પ્રમાણ નંબર આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ તે નંબર ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.**

૧. **સંપ વગર ખોટ (૧૧૩-૧૧૫)** પરસ્પર સંપ, સુહૃદભાવ અને એકતા ન હોય તથા તેના અભાવે જો કુસંપ હોય, તો કોઈ પણ વ્યક્તિ, કુટુંબ, સંસ્થા કે સમાજ, દેશ કે સમગ્ર વિશ્વને અનેક પ્રકારે નુક્સાન થાય છે. જેમ કે, **(૧)** પરસ્પર ક્લેશ, કંકાસ, ઝઘડા, મારામારી અને યુદ્ધો થાય. **(૨)** સમય અને શક્તિનો ખૂબ વ્યય થાય. **(૩)** વ્યક્તિગત કે સામૂહિક અશાંતિ અને ઉદ્વેગ રહે, સમગ્ર વાતાવરણ તંગ રહે, સૌનાં મન વિક્ષિપ્ત રહે. **(૪)** ભૌતિક કે આધ્યાત્મિક વિકાસ કે પ્રગતિ રૂંધાય. **(૫)** ભૌતિક કે આધ્યાત્મિક માર્ગે નિષ્ફળતા મળે. **(૬)** ક્યારેક તો સર્વસ્વ ગુમાવવું પડે. **(૭)** ક્યારેક તો વિનાશ પણ સર્જાય. એમાં આપણું અસ્તિત્વ ન રહે. **(૮)** ભગવાન અને ગુણાતીત સંતનો કુરાજીપો થાય. આજની વિશ્વની જો કોઈ મોટામાં મોટી સમસ્યા હોય તો તે કુસંપ છે. અર્થાત્ સંપ, સુહૃદભાવ અને એકતાનો અભાવ છે. આજે સંપની તંગી છે વિશ્વમાં ક્યાંક અને ક્યારેક પાણી, કેરોસીન, ડીઝલ કે પેટ્રોલની તંગી ઊભી થાય, તો કેટલી મુશ્કેલી સર્જાય છે ? આ વસ્તુઓની તંગી અને તેને લીધે સર્જાતી વિકટ પરિસ્થિતિઓનો કંઈક ખ્યાલ આવે છે, પરંતુ સંપની તંગી અને તેને લીધે જે પ્રશ્નો ઊભા થાય છે એ સમજાતું નથી. આજે ખરેખર વિશ્વમાં એની કટોકટી સર્જાણી છે. આ એક વૈશ્વિક સમસ્યા છે. એ દૂર ન થાય ત્યાં સુધી વ્યક્તિગત, કૌટુંબિક કે વૈશ્વિક દૃષ્ટિએ શાંતિ કદાપિ ન થાય. આ પ્રમાણે ભૌતિક ક્ષેત્રમાં તો કુસંપથી નુક્સાન છે જ, પરંતુ આધ્યાત્મિક ક્ષેત્રમાં એનાથી વધુ નુક્સાન છે. તેનાથી સાધનામાં મોટામાં મોટું વિઘ્ન આવે છે. ભગવાન અને સંતનો કુરાજીપો થાય છે. તેઓ ઓશિયાળા થાય છે. એમનો સંબંધ છૂટી જાય છે. ભેગા રહેવા છતાં આંતરિક જોડાણ છૂટી જાય, તૂટી જાય, ફ્યૂઝ ઊડી જાય. માઈકનો વાયર ઉપરથી જોડાયેલો લાગે, પરંતુ અંદરથી જોડાણ(કનેક્શન) છૂટી ગયું તો કામ ન થાય. એમ ભગવાન અને સંત ભેગા રહે છતાં આંતરિક રીતે જોડાણ તૂટી જાય છે, તેથી કામ થતું નથી. સત્સંગમાં રહેવા છતાં આધ્યાત્મિક વિકાસ ન થાય. જીવનનું સાચું ઘડતર ન થાય. ભગવાન અને સંતને આપણને જેવા બનાવવા છે એવા બની ન શકાય. ભગવાનનું સુખ આવે જ નહિ, શાંતિ થાય જ નહિ. સંપના અભાવે કુટુંબમાં, સત્સંગમંડળમાં, મંદિર કે સંસ્થામાં અનેક પ્રકારની મુશ્કેલી સર્જાય, સમગ્ર તંત્ર ખોરવાઈ જાય. ગાડીના બધા સ્પેર પાર્ટ્સ સંપીને પોતપોતાનું કાર્ય ન કરે, - પરસ્પર કુસંપ પેસે તો ગાડી ચાલે ? - શરીરના બધા અવયવોમાં પરસ્પર સંપ ન હોય, પોતપોતાની જવાબદારી ન સંભાળે, એકબીજાને અનુકૂળ અને મદદરૂપ થઈને કાર્ય ન કરે, એકબીજાનો વાદ કે અવગુણ લે તો ? થોડી વાર કલ્પના તો કરી જુઓ ? શું થાય ? કીર્તન આરાધનામાં જુદાં જુદાં વાજિંત્રો વગાડનારા અને સમૂહમાં કીર્તન ગાનારાઓમાં સંપ ન હોય, દરેક પોતપોતાની રીતે, જુદા જુદા તાલ, લય, સૂરમાં વગાડે કે ગાય, તો એ કીર્તન આરાધના કેવી થાય ? એ ભજનો સાંભળવાં કોને ગમે ? કુસંપને લીધે આવું જ કંઈક કુટુંબ, સત્સંગમંડળ, મંદિર કે સંસ્થામાં થાય. સારી રીતે, સુવ્યવસ્થિત કોઈ કાર્ય જ ન થાય. આ રીતે સંપ, સુહૃદભાવ અને એકતાને અભાવે અર્થાત્ કુસંપને લીધે સાધકને વ્યક્તિગત તથા સામૂહિક રીતે સૌને નુક્સાન થાય છે. સૌથી વધારે મુશ્કેલી તો ભગવાન અને ગુણાતીત સંતને પડે છે. એમને સૌથી વધારે ભીડો કુસંપને લીધે પડે છે. કુસંપને લીધે એમને દૈહિક ભીડો તો પડે જ છે, પરંતુ દૈહિક ભીડા કરતાં માનસિક ભીડો વધારે પડે છે. આ માનસિક ભીડાનો ત્રાસ દૈહિક ભીડા કરતાં વધારે હોય છે. સાચા સાધક કે ભક્તની સાચી ભક્તિ તો એ છે કે પોતાના તરફથી પોતાના ઇષ્ટદેવ કે ગુરુને ભીડો ન પડે અથવા તો ઓછામાં ઓછો પડે તે માટે કુસંપને નિર્મૂળ કરવો પડે. અર્થાત્ સંપ, સુહૃદભાવ અને એકતાને આત્મસાત્ કરવાં જ પડે. **અથવા**

૨. **વૈરાગ્યથી લાભ અને વૈરાગ્ય વગર ખોટ (૧૦૦-૧૦૧) વૈરાગ્યથી લાભ :** શ્રીજીમહારાજ વૈરાગ્યથી થતા લાભ વિશે કહે છે : વિષયસુખની વાસનાની નિવૃત્તિ થઈ જાય છે. (વચ.સા.૧) ભગવાનની મૂર્તિ વિના બીજા માયિક આકારમાત્ર ખોટા થઈ જાય છે. (વચ.અં. ૧) ધર્મમાં રહેવાય. (વચ.અં. ૨૯) પરમપદને પમાય છે. (વચ.કા. ૭) ગુણાતીતાનંદ સ્વામી પણ વૈરાગ્યની મહત્તા સમજાવતાં કહે છે : વૈરાગ્ય છે તે તો વિષય સાથે વેર કરાવે. (સ્વા.વા. ૧/૨૦) વૈરાગ્યે કરીને નાશવંતપણું દેખાય એટલે બંધાય નહિ. (સ્વા.વા. ૫/૧૫૬) વૈરાગ્ય છે તે રાગ ટાળવાનો કુહાડો છે. (સ્વા.વા. ૧૪/૧૦૨) વળી, શ્રીજીમહારાજે વાસના કે પંચ વિષયની આસક્તિ ટાળવા માટે, જગતના વિક્ષેપોમાંથી નિર્લેપ રહેવાય તે માટે અને ભક્તિમાં વિઘ્ન ન આવે તે માટે આત્મનિષ્ઠા ને ભગવાનના માહાત્મ્યની સાથે સાથે વૈરાગ્યની કે જગતના નાશવંતપણાના અનુસંધાનની આવશ્યકતા ઘણાં વચનામૃતો (વચ.પ્ર.૬૦, સા.૧, લો.૧૦, મ.૧)માં સમજાવી છે. આ ઉપરાંત, ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહે (વચ.મ.૩૬), ઇન્દ્રિયો જિતાય (વચ.અં.૧૧) અને સદાય સુખિયા રહેવાય (વચ.અં.૮), તે માટે અન્ય ઉપાયોની સાથે સાથે વૈરાગ્યનો પણ નિર્દેશ શ્રીજીમહારાજે કરેલો છે.

**વૈરાગ્ય વગર ખોટ :** વૈરાગ્ય વગર સાધકને થતી ખોટ વિશે શ્રીજીમહારાજ કહે છે : સમર્થ હોય છતાં માયિક પદાર્થમાં તણાઈ જાય. (વચ.પ્ર.૩૪) ભગવાન વિના બીજા પદાર્થમાં પણ ભગવાનના જેવી પ્રીતિ થઈ જાય છે. (વચ.અં. ૧) જગતનું પ્રધાનપણું ન મટે ને ભગવાનમાં પ્રીતિ ન થાય. (વચ.અં. ૨) પ્રીતિ અને આત્મનિઠા તેની સિદ્ધિ થતી નથી. (વચ.પ્ર.૧૯) સ્વભાવ ટાળ્યાની શ્રદ્ધા હોય તોય ન ટળે અને સાધુતાના ગુણ ન આવે. (વચ.મ. ૭) વળી, આત્મનિષ્ઠાની સાથે સાથે વૈરાગ્યની જો સમજણ ન હોય તો ભક્તને ઘણી કચાશ રહી જાય છે, એવું મહારાજે વચ.સા.૧, ૧૫, અં.૧ વગેરે વચનામૃતોમાં સમજાવ્યું છે. સાધકને વૈરાગ્ય વગર રહેતી ખોટ વિષે મહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે : ''જેમ ભોજન, પાત્ર તથા આભૂષણ અગ્નિ વિના તૈયાર થાય નહિ અને સુધરે નહિ, તેમ વૈરાગ્ય પક્વ થયા વિના મોક્ષનો માર્ગ સુધરે નહિ. વૈરાગ્યથી પાપરૂપી મળ બળી જાય છે. અગ્નિ પ્રગટ થાય નહિ ત્યાં સુધી કાગળમાં લખેલા અગ્નિથી કામ થાય નહિ, તેમ વૈરાગ્ય પ્રગટ્યા વિના કેવળ વૈરાગ્યની વાતથી પાપનો નાશ થાય નહિ. વૈરાગ્ય વિના મોક્ષની લાલચ રાખવી તે વ્યર્થ છે.'' (પૂર : ૧, તરંગ : ૬૩) ''વૈરાગ્ય વિનાના જનની ભક્તિ શોભતી જ નથી.'' (પૂર :૧, તરંગ : ૬૪)

૩. **શ્રવણભક્તિથી લાભ (૫૨-૫૩)** ભગવાનનાં વિભિન્ન લીલાચરિત્રો, ઉપદેશવચનો અને મહિમાદર્શક કથાઓનું શ્રવણ કરવામાં આવે, તો મનુષ્યના હૃદયમાં ભગવાન પ્રત્યે પ્રેમલક્ષણા આદિક ભક્તિનાં અન્ય અંગોનો પણ આવિર્ભાવ થાય છે. શ્રવણભક્તિથી જ ભક્તિનાં અન્ય બધાં અંગોને પોષણ મળે છે. તેથી જ શ્રીજીમહારાજ વચ.અં.૨૪માં કહે છે : ''શાસ્ત્રમાં નવ પ્રકારની ભક્તિ કહી છે. તેમાં શ્રવણ-ભક્તિને પ્રથમ ગણી છે. માટે જો શ્રવણભક્તિ જેને હોય તો પ્રેમલક્ષણા પર્યન્ત સર્વે ભક્તિનાં અંગ એને પ્રાપ્ત થશે.'' આત્યંતિક મુક્તિની સમગ્ર સાધનામાં શ્રવણભક્તિ અર્થાત્ કથાશ્રવણનો ખૂબ મહત્ત્વનો ફાળો છે. કથાશ્રવણથી થતા લાભ વિશે મહારાજે કહેલાં વચનોને ભાવાર્થરૂપે જોઈએ : આસ્તિક થઈને વાતમાં વિશ્વાસ રાખી પ્રીતિએ સહિત કથાશ્રવણ કરવામાં આવે, તો ગમે તેવા કામ ક્રોધાદિક વિકારો નાશ પામે, મન સ્થિર અને નિર્વિષયી બને. (વચ.કા.૧૨) ભગવાનની કથાવાર્તા સાંભળ્યામાં જેને જેટલી પ્રીતિ તેને તેટલો જગતનો અભાવ થાય તથા કામ, ક્રોધ, લોભાદિક દોષનો નાશ થાય. (વચ.અં.૨૪) ગુણાતીતાનંદ સ્વામી પણ કથાવાર્તાનો અપરંપાર મહિમા સમજાવતાં કહે છે : ''નવધા ભક્તિ આદિક સાધને કરીને જીવ શુદ્ધ તો થાય છે, પણ વાતે કરીને જેવો શુદ્ધ થાય એવો થતો નથી. માટે શબ્દ જેવું તો કોઈ બળવાન નથી.'' (સ્વા.વા. ૧/૧૫) ''આ વાતુમાંથી તો બ્રહ્મરૂપ થવાશે ને બાળ, જોબન ને વૃદ્ધ એ ત્રણ પ્રકારની સ્ત્રીઓ, ને કચરો ને કંચન એ સર્વે સરખું થઈ જાશે ને કાંઈ દીઠું નહિ ગમે એવું થાશે.'' (સ્વા.વા.૧/૩૩) ''આ સર્વે કામ મૂકીને આવીને નવરા બેસીને વાતું સાંભળીએ છીએ, તે એમ સમજવું જે, કરોડ કામ કરીએ છીએ. તે શું જે, જમપુરી, ચોરાસી, ગર્ભવાસ એ સર્વેને માથે લીટા તાણીએ છીએ, પણ નવરા બેઠા છીએ એમ ન સમજવું.'' (સ્વા.વા.૧/૫૦) ''આ વાત તો કરોડ ધ્યાન કરતાં અધિક છે.'' (સ્વા.વા.૩/૬૭) ''કોટિ સાધન કરે પણ આમ વાતું કરવી અને સાંભળવી તેની બરોબર થાય નહિ.'' (સ્વા.વા.૧/૨૨૬) ''કરોડ જન્મ તપ કરીએ તોપણ આટલી વાતુંના જેટલો સમાસ ન થાય, જો વિચાર હોય તો.'' (સ્વા.વા.૬/૧૯૮) યોગીજી મહારાજ કહે છે : ''સમાગમ થાય ત્યારે અવયવ ફરી જાય, વિચારો બદલાઈ જાય અને જીવન શાંતિમય થઈ જાય. સત્સંગના શબ્દો ધારી લઈએ તો તેમાંથી સ્થિતિ થાય છે. તીવ્ર વેગ - શ્રદ્ધાથી કથા સાંભળીએ તો શબ્દો હૃદયમાં બેસી જાય.'' ''કથાવાર્તા સાંભળે તો જીવમાં

જડતા ન આવે. હેત થાય. પ્રેમ વધે. સદ્‌ભાવ આવે. દુઃખ ન રહે. કથાવાર્તાના અખાડા સારુ આ સ્થાન, આ મંદિરો શાસ્ત્રીજી મહારાજ બાંધી ગયા. આ અખાડામાં નાનો-મોટો કોઈ પણ આવે, સત્સંગમાં કાંઈ ન સમજતો હોય તેવો પણ જો આવે તો પાકી જાય. જેમ નીંભાડામાં માટલાં પાકે છે તેમ પાકી જાય. આ અખાડામાં આવે તેને અજ્ઞાનરૂપી અંધારું, જગતની વાસના વગેરે ટળી જાય. મોટી વસ્તુ આવે એટલે નાની વસ્તુ એની મેળે નીકળી જાય.'' આ ઉપરાંત ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુઓએ કથાવાર્તાથી થતા લાભ વિશે જે વાતો કરી છે, તેના સારરૂપે એવું કહી શકાય કે કથાવાર્તાથી (૧) જીવનનું અંતિમ ધ્યેય સ્પષ્ટ અને દૃઢ થાય. (૨) ધ્યેયની સિદ્ધિ માટે સાચો સાધનામાર્ગ સમજાય. (૩) આત્યંતિક મુક્તિના મુખ્ય ઉપાયરૂપે ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુઓનું સાચું સ્વરૂપ ઓળખાય અને સમજાય. એમનો મહિમા સમજાય. એમના સ્વરૂપને વિશે દિવ્યભાવની દૃઢતા થતી જાય. કદાચ ક્યારેક મનુષ્યભાવ આવે, તો તે પણ દૂર થાય. (૪) પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજને વિશે હેત અને આત્મબુદ્ધિની વૃદ્ધિ અને દૃઢતા થતી જાય. એમના સ્વરૂપમાં દૃઢ જોડાણ થતું જાય. (૫) શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને અતિશય પ્રસન્ન કરવાના યથાર્થ ઉપાય સમજાય. એમને સાચી રીતે રાજી કરતાં આવડે. (૬) ભગવાન અને સંતની આજ્ઞા, અનુવૃત્તિ અને રુચિ સમજાય. તદનુસાર વર્તવાનું અને સાધના કરવાનું બળ મળે. ભગવાન અને સંત માટે શું ન થાય ? એવી સમર્પણભાવના વિશેષ દૃઢ થતી જાય. (૭) સાધના માટે આવશ્યક હિંમત, શ્રદ્ધા, વિશ્વાસ, ઉત્સાહ, ધગશ, ઈશક, ધીરજ વગેરે દિન-પ્રતિદિન વધતાં રહે. (૮) ભગવાન અને ગુણાતીત સત્પુરુષના સંબંધવાળા સંતો-ભક્તોનો મહિમા સમજાય. તેમનો અવગુણ ન આવે. કદાચ ક્યારેક કોઈકનો અવગુણ આવ્યો હોય, તો તે નીકળી જાય. પરિણામે કોઈ સાથે આંટી ન પડે. કુસંપ ન થાય. પરસ્પર સંપ, સુહૃદભાવ અને એકતાનું દિવ્ય વાતાવરણ સર્જાય. તેમાં સુધારો ને વધારો થતો રહે. (૯) પૂર્વના અથવા વર્તમાનકાલિક સંતો-ભક્તોના ઉત્કૃષ્ટ ગુણો, પ્રસંગોમાંથી સાધના માટે ઉત્કૃષ્ટ પ્રેરણા મળે. (૧૦) દેહના ખોરાકથી દેહ પુષ્ટ બને, દેહને શક્તિ મળે. એવી જ રીતે કથાવાર્તા આત્માનો ખોરાક છે. એનાથી આત્માને શક્તિ મળે. આત્મા બળિયો થાય, જેથી માયા સામે, સ્વભાવો સામે લડી શકાય, ટકી શકાય અને એના પર વિજય મેળવી શકાય. (૧૧) ચોકિયાતની જેમ કથા આપણને જાગ્રત કરે, કુકર્મ કરતાં અટકાવે, ઢાલની જેમ રક્ષા કરે, જેથી માયિક સ્વભાવોથી કે દેહભાવોને લીધે સાધનામાં વિક્ષેપ ન થાય. સમૂહમાં સેવા, પ્રવૃત્તિ કે ભક્તિ કરતી વખતે માન, ક્રોધ, ઈર્ષ્યા, અસૂયા, રાગદ્વેષ કે અહં-મમત્વ જેવા સ્વભાવોના ઘર્ષણમાં જાગૃતિ રહે. સવળી દૃષ્ટિ ને સમજણ રહે. આ વિકૃતિ પોતાના જીવનમાં ન આવે. (૧૨) માન-અપમાન, સુખ-દુઃખ કે સફળતા-નિષ્ફળતા જેવાં દ્વંદ્વોમાં સ્થિરતા અને સમતા રહે. (૧૩) પાછી વૃત્તિ વળે, અંતર્દૃષ્ટિ થાય. જાણપણું અને ખટકો રહે. હું કોણ છું ? હું કોનો છું ? હું શા માટે છું ? તો મને આ શોભે ? આ વિચારનું સતત અનુસંધાન રહ્યા કરે. સાધનામાં પોતે ક્યાં પહોંચ્યો છે ? કેટલું કામ થયું છે અને કેટલું બાકી છે ? સાધનામાં ક્યાં, કઈ, કેવી અને કેટલી કચાશ કે કસર છે તેનો ખ્યાલ આવે. તે દૂર કરવાનો વિચાર આવે. તે માટે આયોજન અને પ્રયત્ન થાય. અને જ્યાં સુધી એ ખામી દૂર ન થાય, ત્યાં સુધી પુરુષાર્થનું સાતત્ય જળવાઈ રહે. (૧૪) સત્સંગની ઈમારતનો પાયો વધુ મજબૂત બને. ગમે તેવા વિકટ ઝંઝાવાતોમાં પણ સત્સંગ કદાપિ ન છૂટે. (૧૫) સમજણ દૃઢ થવાથી ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ અલમસ્ત આનંદ અને કેફમાં અખંડ રહેવાય. જગતનાં કોઈ પ્રકારનાં દુઃખોમાં નિરાશ ન થઈ જવાય. અંતરના આનંદ કે શાંતિમાં કોઈ વિક્ષેપ ન થાય. (૧૬) સાધનાના પ્રત્યેક અંગની ગુણવત્તા અને તીવ્રતામાં સતત સુધારો અને વધારો થતો રહે. દુર્ગુણો ઓછા થતા જાય, સદ્‌ગુણોનો વિકાસ થતો જાય. ચાર આની સત્સંગમાંથી ધીરે ધીરે સોળ આની સત્સંગ દૃઢ થાય. બ્રાહ્મીસ્થિતિ સુધી પહોંચી શકાય અર્થાત્ બ્રહ્મરૂપ થઈ શકાય. **અથવા**

૪. **પ્રાપ્તિના મહિમાનો વિચાર (૧૮૫-૧૮૬)** જેમ સવારે, બપોરે કે સાંજે નાસ્તો કે ભોજન કરવાથી શરીરમાં શક્તિ રહ્યા કરે છે, એમ થોડા થોડા સમયાંતરે જો પ્રાપ્તિના મહિમાનો વિચાર થયા કરે, તો સાધનામાં પણ બળ, હિંમત, ઉત્સાહ અને ઉમંગ રહ્યા કરે. જેમ ઘરમાં વીજળીનું જોડાણ લીધું હોય, તો બલ્બ, ટ્યૂબલાઈટ, પંખો, ફ્રીઝ, ટી.વી. વગેરે અનેક પ્રકારનાં સાધનોનો ઉપયોગ કરી શકાય, એમ જીવનમાં જો આ વિચારનું સાતત્ય જળવાય, તો સાધનાનાં અન્ય બધાં જ અંગો-ઉપાંગોને પોષણ મળ્યા કરે, એમાં શક્તિનો સંચાર થયા કરે. તેથી સાધનામાં ક્યારેય મોળપ ન આવે. જેને જેને સત્તા, સંપત્તિ અને કીર્તિનો મહિમા સમજાયો છે, તેના જીવનમાં તેની પ્રાપ્તિ માટે ખપ, શ્રદ્ધા, વિશ્વાસ, ઈશક, આસક્તિ અને વેગ બધું જ જાગે છે, અને પરિણામે તે માણસ સત્તા વગેરે મેળવવા માટે ગમે તેવાં વિઘ્નો અને વિરોધો વચ્ચે જીવનભર ઝઝૂમતો રહે છે. એવી જ

રીતે સાધકના જીવનમાં જો ભગવાન અને સંતનો યથાર્થ મહિમા સમજાય તો - શ્રદ્ધા અને વિશ્વાસ દૃઢ થાય. - ખપ જાગે અને દૃઢ થાય. - ઈશક, આસક્તિ અને વેગ વધે. જો ભગવાન અને સંતના મહિમાના પરિણામે આ ત્રણ ગુણો જીવનમાં દૃઢ થાય, તો પછી સાધનામાં ક્યારેય સાતત્ય તૂટે નહિ. તેથી ભગવાન અને ગુણાતીત સંતનો મહિમા સમજવો અત્યંત આવશ્યક છે. તે માટે દરરોજ એમના મહિમાનો વિચાર કરવો જરૂરી છે. એમનો મહિમા ચાર રીતે વિચારી શકાય. (૧) અસાધારણ કાર્યોને આધારે : શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓએ કરેલાં અનેક અસાધારણ કાર્યોનો વિચાર કરીએ તો એમની મહત્તા સમજાય. (૨) કલ્યાણકારી સદ્‌ગુણોને આધારે : શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓના અલૌકિક અને કલ્યાણકારી સદ્‌ગુણોનો વિચાર કરવાથી પણ એમનો મહિમા સમજાય. (૩) સ્વરૂપને આધારે : શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓના સ્વરૂપોનો વિચાર આ પ્રમાણે કરવો : શ્રીજીમહારાજ સર્વોપરી સર્વાવતારના અવતારી પુરુષોત્તમ નારાયણ છે. - ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મનો અવતાર છે. - ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ સાક્ષાત્ અક્ષરબ્રહ્મ છે, જેમના દ્વારા શ્રીજીમહારાજનું સમ્યક્ પ્રગટપણું છે. તેઓ મોક્ષનું દ્વાર છે. - આ સ્વરૂપો અનાદિથી માયાપર છે, ગુણાતીત છે, દિવ્ય છે. તેમનામાં લેશમાત્ર માયા નથી. (૪) પ્રાપ્તિની દુર્લભતાને આધારે : આવા સર્વોપરી ભગવાન શ્રીજીમહારાજ અને ગુણાતીત સત્પુરુષ પ્રમુખસ્વામી મહારાજની પ્રાપ્તિ કેટલી દુર્લભ છે ? સાંપ્રદાયિક ગ્રંથોના સંદર્ભો અને શ્રીજીમહારાજ તથા ગુણાતીત ગુરુઓના પ્રસંગોને આધારે આપણને થયેલ પ્રાપ્તિની દુર્લભતાનો વિચાર કરી શકાય. કોઈ પણ સાધકે આ મુદ્દાઓને આધારે શ્રીજીમહારાજ અને ગુણાતીત ગુરુઓના મહિમાનો વિચાર કરીને પોતાને થયેલ આવી અલૌકિક અને દુર્લભ પ્રાપ્તિને લીધે કૃતાર્થ અને પૂર્ણકામ માની આઠે પહોર પ્રાપ્તિના આનંદમાં નિમગ્ન રહેવું જોઈએ.

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો.**
**(પચીસથી ત્રીસ લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**નોંધ : જ્યાં પણ શાસ્ત્રોના પ્રમાણ નંબર આવતા હોય ત્યાં પરીક્ષાર્થીએ તે નંબર ન લખ્યા હોય તો પણ પૂરા ગુણ આપવા.**

૧. **સત્પુરુષના પ્રસંગનું તાત્પર્ય (૧૬૨-૧૬૫)** આપણે સત્પુરુષનો યથાર્થ પ્રસંગ કેવી રીતે કરવો તે સમજીએ. સત્પુરુષની ભેગા થવું કે રહેવું, તેમનો સંગ કરવો અને તેમનો પ્રસંગ કરવો - આ ત્રણેયમાં ભેદ છે. (૧) **ભેગા થવું કે રહેવું :** તેમાં ફક્ત સાથે થવાની કે અમુક સમય સાથે રહેવાની જ વાત છે. સત્પુરુષની ભેગા થઈ શકાય. કેટલોક સમય ભેગા રહી શકાય. એમાં પણ કાંઈક લાભ તો થાય જ છે. સત્પુરુષના સહેજ સંપર્કથી પણ જીવમાં કંઈક ને કંઈક શુભ સંસ્કારો થતા હોય છે. **(૨) સંગ કરવો :** સત્પુરુષ સાથે વાતચીત કરવી, પ્રશ્નોત્તર દ્વારા કંઈક માર્ગદર્શન મેળવવું. આમાં કંઈક વિશેષ લાભ થાય છે. (૩) **પ્રસંગ કરવો :** પ્રસંગ કરવો એ ઉપરોક્ત બન્ને કરતાં ઉત્કૃષ્ટ બાબત છે. આમાં તો સત્પુરુષ સાથેનું અતિશય દૃઢ જોડાણ છે. ગમે તેવાં માન-અપમાન, સુખ-દુઃખના ગમે તેવા ભયંકર ઝંઝાવાતોમાં પણ સ્થિર રહેવાય, સત્પુરુષનો સંબંધ કોઈ કાળે છૂટે નહિ. કાથી જેમ બળી જાય તોપણ વળ મૂકે નહિ, એમ સત્પુરુષ સાથે દૃઢ પ્રસંગ થયા પછી એમનો સંબંધ કદાપિ કોઈ રીતે છૂટે જ નહિ. ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ''સાધુમાં જોડાણો હોય તેનાથી દર્શન, સેવા ને વાતું તે અહોરાત્રિ કર્યા સાંભળ્યા વિના રહેવાય નહિ, ત્યારે જાણીએ જે, સાધુમાં જોડાણો છે.' વળી, એમ વાત કરી જે, 'જેટલો સાધુમાં જીવ બંધાણો છે તેટલો સત્સંગ છે ને જેટલો જીવ બંધાણો નથી તેટલો કુસંગ છે.' ત્યારે પૂછ્યું જે, 'આવી રીતે સાધુમાં જીવ બંધાણો હોય તોપણ તે સત્સંગમાંથી નીકળી કેમ જાય છે ? પછી સ્વામી બોલ્યા જે, 'એવી રીતે સાધુમાં જીવ બંધાણો નથી, ને જો બંધાણો હોય તો જાય નહિ. જેમ આ લીંબડો છે, તે જે દિવસે અમે મંદિર કરતા હતા તે દિવસે બે વેંતનો હતો, ને એક મનુષ્ય ઉપાડે એટલું જ બળ હતું, ને આજ તો બધા ગામના મનુષ્ય ભેગા થાય તોપણ ઊપડે નહિ. તેમ ઘણા દિવસ રહીને સત્સંગમાં જીવ બાંધ્યો હોય તો પંચવિષય કે કામાદિક દોષનો પાડ્યો સત્સંગમાંથી પડે નહિ.'' (સ્વા.વા. ૩/૪૨) ''આવા સાધુથી નોખા પડીએ ત્યારે નર્કમાં પડ્યા જેવું દુઃખ થયું જોઈએ ને એવું દુઃખ નથી થાતું ત્યાં સુધી સત્પુરુષમાં જીવ બંધાણો છે ક્યાં ? ને જ્યાં સુધી સત્પુરુષમાં જીવ બંધાણો નથી ત્યાં સુધી લોક, ભોગ ને દેહ તે રૂપ થઈ જવાય છે.'' (સ્વા.વા. ૩/૬૫) ''આ સાધુ જોડે એવો જીવ બાંધવો જે, જેમ માછલાંને જળ જીવનપ્રાણ છે ને જળ વિના નથી ચાલતું, તેમ પળમાત્ર આ સાધુ વિના ન ચાલે ત્યારે જાણવું જે, સાધુમાં

જોડાણો છે.'' (સ્વા.વા. ૧૦/૧૮) યોગીજી મહારાજ કહે છે : ''જેમ તેલ ને પાણી ભેગાં હોય તોય નોખાં રહે છે, તેમ ભગવાન અને સંતની ભેગો રહેતો હોય પણ મન નોખું રાખે, પરંતુ આપણે તો સાકર અને દૂધ જેમ એકબીજા સાથે રસબસ થઈ રહે, તેમ રહેવું.'' આમ, સત્પુરુષનો દૃઢ પ્રસંગ એટલે સત્પુરુષ સાથે એકરસ થઈ જવું. દૂધમાં ખાંડ ઓગળી ગઈ હોય તે પછી દૂધથી છૂટી ન પડે. દૂધને ગરમ કરીએ તો અંતે પેંડો થઈ જાય, અંતે કદાચ રાખ થઈ જાય, પણ ખાંડ છૂટી ન પડે. પરંતુ જો પાણીમાં ખાંડ ઓગળી ગઈ હોય તો તે પાણીને ગરમ કરીને ઉકાળતાં પાણીનું બાષ્પીભવન થઈ જાય અને અંતે ખાંડ પાણીથી છૂટી પડી જાય છે. પાણીમાં ખાંડ ઓગળવી એને કદાચ સંગ કહી શકીએ, પણ પ્રસંગ તો દૂધમાં ખાંડ ઓગળવી એ છે. એમ સત્પુરુષમાં રસબસ થઈ જવું, ઓતપ્રોત થઈ જવું, જેથી એમનાથી ક્યારેય છૂટું પડવાનું મન થાય જ નહિ. એટલું જ નહિ, પરંતુ સત્પુરુષ અપમાન કરીને કાઢી મૂકે, ગમે તેટલાં કઠણ વચન કહે કે નિત્ય પાંચ પાંચ ખાસડાં મારે, તોપણ સત્પુરુષને છોડવાનું મન ન થાય એ દૃઢ પ્રસંગ. શ્રીજીમહારાજ વચ.સા.૧૦માં કહે છે : ''તે સંતના સમાગમમાં પડ્યો રહે, ને તે સંત નિત્ય પાંચ ખાસડાં મારે તોપણ તે અપમાનનું સહન કરે, ને સંતનો સમાગમ મૂકી શકે નહિ. જેમ અફીણનો બંધાણી હોય તે તેને મૂકી શકતો નથી, તેમ એ પણ કોઈ રીતે સંતનો સમાગમ તજી શકે નહિ.'' 'પ્રસંગ' એટલે શું ? તે સમજાવતાં યોગીજી મહારાજ કહે છે : પ્રસંગ શું ? આપણને સત્પુરુષ ધખાવીને કાઢે, અપમાન કરે, તોય ન ખસીએ તે પ્રસંગ.' 'મોટાપુરુષનો પ્રસંગ કરવો એટલે અંતરાય રહિત મોટાપુરુષ સાથે વર્તવું. અંતરાય તૂટે તો પ્રસંગ કહેવાય. મોટાપુરુષના તમામ ગુણો જ્યારે મુમુક્ષુમાં આવે, ત્યારે જાણવું કે મોટાપુરુષ સાથે અંતરાય રહ્યો નથી.' 'અંતરાય તોડીને સંગ કરે એ પ્રસંગ. ગમે તેવાં વચનના ભીડામાં લે પણ મન નોખું ન પડે.' 'સંગ શું ? માળાના મણકાની જેમ ભેગા હોય તે. પણ તેમાં અવગુણ આવી જાય. જ્યારે પ્રસંગ શું ? દૂધમાં સાકર પડી પછી નોખી ન પડે. અવગુણ ન આવે. કાથીના ત્રણ વળ જુદા ન પડે.' સત્પુરુષને વિશે આ પ્રકારની દૃઢતા કર્યા પછી એમનો મન, કર્મ અને વચને સંગ કરવો એ જ દૃઢ પ્રસંગ છે. સંગ અને પ્રસંગમાં આ ભેદ છે. પ્રસંગમાં સંગનો સમાવેશ થઈ જાય, પણ ફક્ત સંગમાં પ્રસંગનો સમાવેશ ન થાય, પરંતુ એ સંગ જો મન-કર્મ-વચને કરવામાં આવે તો તેવા પ્રકારના સંગમાં પ્રસંગનો સમાવેશ થઈ શકે. વસ્તુતઃ તો આ જ સાચો સંગ છે, એમ શ્રીજીમહારાજ વચ.પ્ર.૭૮માં સમજાવતાં કહે છે : 'જેનો સંગ થાય તે સાથે કોઈ રીતે અંતર રહે નહિ. ત્યારે તેનો સંગ થયો જાણવો. અને ઉપરથી તો શત્રુને પણ હૈયામાં ઘાલીને મળે છે, પણ અંતરમાં તો તે સાથે લાખો ગાઉનું છેટું છે. એવી રીતે ઉપરથી સંગ હોય તે સંગ ન કહેવાય અને મન, કર્મે, વચને કરીને જે સંગ કરે તે જ સંગ કર્યો કહેવાય.' તેથી જ તો મહારાજ સંત સાથે જોડાવાની રીત દર્શાવતાં વચ.અં.૩૮માં કહે છે, 'ભગવદ્‌ભક્ત તે મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન-કર્મ-વચને વર્તવું.' ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'સત્પુરુષનો સંગ તો મન, કર્મ, વચને જ કરવો. ત્યારે પૂછ્યું જે, મન, કર્મ, વચને સંગ કેમ કરવો ? ત્યારે સ્વામી બોલ્યા જે, 'કર્મ જે દેહ તેણે કરીને તો જેમ સત્પુરુષ કહે તેમ કરવું ને વચને કરીને તો સત્પુરુષમાં અનંત ગુણ રહ્યા છે તે કહેવા ને મને કરીને તો મોટા સાધુને વિશે નાસ્તિકપણું આવવા દેવું નહિ, ત્યારે એમ જાણવું જે, મોટા સાધુનો સંગ મન, કર્મ, વચને કર્યો છે.'' (સ્વા.વા. ૩/૬૦)

૨. **અભાવ, અવગુણ અને દ્રોહથી ખોટ (૧૪૩-૧૪૮)** શ્રીજીમહારાજે અભાવ, અવગુણ અને દ્રોહથી જે નુક્સાન થાય છે, તે વિશે ઘણાં વચનામૃતોમાં વાતો કરી છે. તેમાંથી સાર અને ભાવાર્થરૂપ કેટલાક સંદર્ભો : અવગુણ લેનાર દિવસે દિવસે ઘટતો જાય છે અને સત્સંગમાં પ્રતિષ્ઠાહીન થઈ જાય છે. (વચ.પ્ર.૬, ૫૩) અવગુણ આવે તો રાત્રિ-દિવસ હૈયામાં મૂંઝાયા કરે, દિવસે સુખે કરીને બેસાય નહિ, રાત્રે સુખપૂર્વક નિદ્રા ન આવે, ક્રોધ મટે જ નહિ, અર્ધ બળેલા કાષ્ઠની જેમ ધૂંધવાયા કરે, હૈયામાં કોઈ દિવસ સુખ ન આવે અને અંતે પાછો પડી જાય છે. (વચ.પ્ર. ૨૮) અલ્પ દોષ જોઈને અવગુણ લેવો એ મોટી ખોટ છે. અવગુણ લેવોનો સ્વભાવ હોય તેની તો આસુરીબુદ્ધિ થઈ જાય છે. (વચ.પ્ર. ૩૧) ભગવાન અને સંતનો અવગુણ લેવાથી બુદ્ધિ દૂષિત થઈ જાય છે, તેથી તે કલ્યાણને માર્ગે ચાલી શકે નહિ. (વચ.પ્ર.૩૫) જેને સંતનો અવગુણ આવ્યો હોય તે કોઈ પ્રાયશ્ચિતે કરીને પણ શુદ્ધ ન થાય. સંતનો અવગુણ તે ક્ષય રોગ જેવો છે, જેને આવે તે જરૂર મરે, વિમુખ થાય, સંતનો અવગુણ આવે તો એનું માથું કપાણું જાણવું. તે નિશ્ચય સત્સંગથી જ્યારે ત્યારે વિમુખ થાય. (વચ.લો. ૧) અવગુણનો લેનારો નારકી થાય છે અને તેના હૃદયને વિશે કુટુંબ સહિત અધર્મ આવીને નિવાસ કરે છે. (વચ.મ. ૧૧) બીજામાં અવગુણ જુએ અને પોતામાં ગુણ પરઠે તે તો સત્સંગી છે તોપણ

અર્ધો વિમુખ છે. તે ગમે તેવો મોટો હોય, તોપણ તેને કલ્યાણના માર્ગમાં વિઘ્ન થાય છે. (વચ.મ. ૨૬) હરિભક્તનો જે દ્રોહી હોય તેનો મહારાજને અભાવ આવે છે. ભક્તનું ઘસાતું કોઈ બોલે તેની સાથે એમને બોલવાનું મન જ ન થાય. ભગવાનના ભક્તનો જેને જેને અભાવ આવ્યો છે, તે અતિશય મોટા હતા તોપણ પોતાની પદવી થકી પડી ગયા છે. જેનું ભૂંડું થાય છે તે પણ ભગવાનના ભક્તના દ્રોહમાંથી જ થાય છે. ભગવાનના ભક્તનો દ્રોહ કરવો એ જ ભગવાનને કુરાજી કરવાનો ઉપાય છે. (વચ.મ. ૨૮) ભગવાનના ભક્તનો મને, વચને અને દેહે કરીને જે કાંઈક જાણે-અજાણે દ્રોહ થઈ આવે, ને તેણે કરીને જેવું આ જીવને દુઃખ અને કષ્ટ થાય છે કે ભૂંડું થાય છે, તેવું બીજે કોઈ પાપે કરીને થતું નથી. (વચ.મ. ૪૦) સંસારમાં પંચ મહાપાપના કરનારાનો કોઈ દિવસ છૂટકો થાય, પણ ભગવાનના ભક્તના દ્રોહના કરનારાનો કોઈ દિવસ છૂટકો થતો નથી. ભક્તનો દ્રોહ કરવો તે બરોબર કોઈ પણ પાપ નથી. (વચ.મ.૬૩, અં.૨૨) ભગવાન, ભગવાનના ભક્ત, બ્રાહ્મણ અને ગરીબના દ્રોહથી જીવનો નાશ થાય, એટલે કે જીવનું કલ્યાણ ન થાય. (વચ.વર. ૧૧) ભગવાન અને ભગવાનના ભક્તનો જેને અવગુણ આવ્યો હોય તે સત્સંગી કહેવાતો હોય છતાં હડકાયા શ્વાન જેવો છે. તેને સંગે બીજા પણ વિમુખ થાય. ભગવાન અને ભક્તનો અવગુણ ક્ષયરોગ જેવો છે. તેની આસુરી મતિ મટે જ નહિ. અનંત વાર પંચ મહાપાપ કર્યા હોય તેમાંથી છૂટવાના ઉપાયો શાસ્ત્રમાં છે, પરંતુ ભગવાન અને ભક્તના અવગુણના પાપમાંથી છૂટવાનો કોઈ ઉપાય શાસ્ત્રમાં કહ્યો નથી. ભગવાન અને ભગવાનના ભક્તનો દ્રોહી હોય તેને તો અનંત કોટિ કલ્પ સુધી મરવું પડે ને અવતરવું પડે. ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવાથી જીવનો નાશ થાય અર્થાત્ તે કોઈ દિવસ પોતાના કલ્યાણનો ઉપાય કરી જ શકે નહિ. (વચ.અં. ૧૨) મહારાજને ભગવાનના ભક્તનું ઘસાતું બોલનાર તો દીઠો પણ ગમતો નથી, એના હાથનું અન્ન-જળ પણ ભાવતું નથી. મહારાજના પોતાના દેહનો સંબંધી જો ભક્તનો અવગુણ લે તો તેની સાથે પણ એમને અતિશય કુહેત થઈ જાય છે. (વચ.અં. ૨૧) શ્રીજીમહારાજ 'શ્રીહરિચરિત્રામૃતસાગર'માં કહે છે : ''અમારી સેવા કરતો હોય અને હરિભક્તના અવગુણ દેખાડતો હોય, પણ ગુણ કહેતો ન હોય, તેની સેવા તો વજ્રના પ્રહાર જેવી અમને લાગે છે.'' (પૂર : ૫, તરંગઃ૫૨) ''જેના મૂળમાં અભાવરૂપી ઊધઈ લાગે છે, તે ભક્તરૂપી વૃક્ષ સમૂળું સુકાઈ જાય છે.'' (પૂર : ૬, તરંગ : ૧૦૨) ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'નિત્યે લાખ રૂપિયા લાવે ને સત્સંગનું ઘસાતું બોલતો હોય તો તે મને ન ગમે, ને સૂતો સૂતો ખાય પણ ભગવાનના ભક્તનું સારું બોલતો હોય, તો તેની ચાકરી હું કરાવું, એવો મારો સ્વભાવ છે.'' (સ્વા.વા. : ૧/૨૩૭) ''ભગવાનના ભક્તના દોષ વિચારે તો જીવ ભ્રષ્ટ થઈ જાય છે.'' (સ્વા,વા, : ૫/૧૯૦) ''કોઈનું વાંકું બોલશું તો મહારાજ દુઃખાઈ જાશે.'' (સ્વા.વા. : ૯/૧૯૯) ''મોટાના અવગુણનું એવું પાપ છે જે, જીવ બળી જાય છે. સૂરજ જેવો હશે તે પણ જો ભગવાનના ભક્તનો અવગુણ લેશે તો કીડી જેવો થઈ જાશે.'' (સ્વા.વા. ૯/૩૪૭) ''પૂનમના ચંદ્રમા જેવો થયો હોય, તોપણ ભગવદીના દોષે કરીને અમાવાસ્યાના ચંદ્રમા જેવો થઈ જાય છે.'' (સ્વા.વા. : ૧૩/૧૬૮) યોગીજી મહારાજ કહે છે : ''ભક્તનો અભાવ આવે એ મરણ, ભક્તનો અભાવ લેવામાં જીવનું મોત સમજવું. ભગવાનના ભક્તને દેહે મરવું તે મરણ નથી, પણ ભગવાનના ભક્તનો અવગુણ આવે તે જ મરણ છે. અવગુણ લેતા હોય ને ગાદી-તકિયે બેઠા હોય તોય મરેલા છે.'' ''કોઈ સંત-હરિભક્તના અવગુણ લેવા માંડશું તો પડવાનો વારો આવશે. વાંકું બોલશે તો સત્સંગ ચૂંથાઈ જશે. અભાવ-અવગુણ લે તો મહારાજ સત્સંગમાંથી કાઢી નાખે.'' પ્રમુખસ્વામી મહારાજ કહે છે : ''મહિમાને બદલે અમહિમાની વાતો થાય તો અંતર ઊઝરડાઈ જાય અને આપણે જે કરવાનું છે તે રહી જાય અને ન કરવાનું થઈ જાય. અમહિમાની વાત એટલે ઝેર. અમહિમાનો એક શબ્દ પડે તો ખલાસ. એમાં જીવનું ભૂંડું થાય છે.'' ''આપણે જો એકબીજાના અભાવ-અવગુણમાં પડી જઈએ તો આપણો મુદ્દો જતો રહે. આપણું ઠેકાણું ન રહે. અવગુણની વાતને જોયા કરશો ને બીજાને કહ્યા કરશો, તો તેમાં તમારી આધ્યાત્મિક વસ્તુ પ્રાપ્ત નહિ થાય. તમે જે પ્રાપ્ત કરવા આવ્યા છો તે પ્રાપ્ત નહિ થાય.'' ''આપણે બીજાનું જ જોઈએ છીએ તેમાં તો અશાંતિ અને ઉદ્વેગ જ છે. જ્યાં સુધી બીજાનું જોવાની, કહેવાની, સાંભળવાની કે વિચારવાની ટેવ છે, ત્યાં સુધી તમે ગમે ત્યાં જાશો ને ગમે તે કરશો પણ કોઈ દા'ડો તમને શાંતિ નહિ જ થાય, એ સમજી રાખો.'' ''આગળ જાય વાવતો ને પાછળ જાય ટોરતો. સો ટનનું રોલર ફેરવી દીધું. પછી ક્યાંથી ઊગે ? એમ સેવા-ભક્તિ, કથા બધું જ કરીએ પણ અભાવ-અવગુણની વાતો કરીએ, નિંદા, કુથલી પણ કરતા જઈએ એટલે બધી મહેનત નિષ્ફળ જાય. એમાં તો સ્વભાવ વધતા જાય.''

ઉપરોક્ત સંદર્ભોમાં સાધકને પોતાની સાધનામાં અભાવ-અવગુણથી થતા નુકસાનનો નિર્દેશ છે. એકાદશીના દિવસે અનાજનો દાણો ભૂલમાં ખવાઈ જાય તો અંતરમાં ખટકે, પરંતુ અભાવ-અવગુણની બાબતમાં ખટકતું જ નથી. એમાં તો સાધક જે કરે તે તેને બરોબર જ લાગે છે. તર્કબદ્ધ દલીલો દ્વારા સાધક પોતાની જાતને નિર્દોષ જ સાબિત કરે છે કે મેં જે અભાવ-અવગુણની વાત કરી, સાંભળી કે વિચારી તે બરોબર જ છે. સાધકે કરેલા પોતાના બચાવનું મુખ્ય કારણ એ જ છે કે આની ભયાનકતાની પ્રતીતિ થઈ નથી. બૅન્ક બેલેન્સ કોઈક બારોબાર ઉપાડી જાય, ઘરમાંથી ધન-સંપત્તિ કોઈક લૂંટી જાય તો દુઃખ થાય છે, પરંતુ આ અભાવ-અવગુણ સાધકના સદ્‌ગુણોનું અપહરણ કરી જાય છે તે સમજાતું નથી. શરીરને નુક્સાનકારક પદાર્થો ન લેવાય તે સમજાય છે, પરંતુ આનાથી મનને કે જીવાત્માને રોગ લાગુ પડે છે તે સમજાતું નથી. શરીરના કેન્સર કે એઈડ્‌ઝ જેવા ભયાનક રોગની ખબર પડે છે પરંતુ આ જીવના કેન્સરનો ખ્યાલ આવતો નથી. દેહનો નાશ થાય તે તો નજરોનજર દેખાય છે પરંતુ આમાં જીવનો નાશ થઈ જાય છે તે સમજાતું નથી. લૌકિક અભ્યાસ બગડે કે ધંધામાં નુક્સાન થાય તે સમજાય છે, પરંતુ આ સાધના બગડે છે, મોક્ષનું કામ બગડે છે, એમાં જરા પણ દૃષ્ટિ પડતી નથી. પોતાનાં વર્તન કે કાર્યથી માતાપિતા, પતિપત્ની, ભાઈ કે બહેન, મિત્રો અથવા પોતાના ઉપરી અધિકારી કુરાજી ન થઈ જાય એનો ખ્યાલ રખાય છે, પરંતુ આનાથી ભગવાન અને સંતનો અત્યંત કુરાજીપો થઈ જાય છે એ મનાતું નથી. આ સૂક્ષ્મ બાબતો ક્યારે સમજાય અને મનાય ? એનું સતત અનુસંધાન ક્યારે રહે ? જો મહારાજ અને ગુણાતીત ગુરુઓના શબ્દોની હારમાળા કરીને એનું પ્રાર્થનાપૂર્વક વારંવાર વાંચન અને મનન કરવામાં આવે, એમાં અતિશય વિશ્વાસ આવે તો એ શબ્દોની અંતરમાં ચોટ લાગે, અધ્યાત્મ-સાધનામાં અભાવ-અવગુણ શું છે અને તે કેવી હોનારત સર્જે છે તે સમજાય અને મનાય. અભાવ-અવગુણથી શું શું થઈ શકે તેમ છે તે વિચારીએ. અભાવ-અવગુણને લીધે (૧) ભગવાન અને સંતમાં મનુષ્યભાવ આવશે, પરિણામે સાધકો કદાચ પૂર્ણિમા જેવા થયા હશે તોપણ અમાવાસ્યા જેવા થઈ જશે. (૨) ભગવાન અને સંત ઓશિયાળા થવાના. સાધકો એમનો વિશ્વાસ ગુમાવવાના. એમને સાધકોમાં વિશ્વાસ નહિ રહે. (૩) સંપ, સુહૃદભાવ, એકતાનું દિવ્ય વાતાવરણ બગડશે, પરસ્પરના દિવ્ય સંબંધોમાં આગ લાગશે. એકબીજાનાં મન નોખાં પડશે. (૪) બીજાના ગુણો ઢંકાઈ જશે. એમના પ્રત્યે સદ્‌ભાવ, પ્રેમ નહિ રહે. એમની પ્રેમથી, મહિમાથી સેવા નહિ થાય. એમની સાથેના સંબંધો બગડશે. સંપ તૂટશે, કુસંપ વધશે. (૫) નિયમ-ધર્મ પાળવાનો, સેવા-ભક્તિ-તપ કરવાનો, શ્રીજીમહારાજ અને સ્વામીને રાજી કરવાનો, તેમની આજ્ઞા-અનુવૃત્તિ પ્રમાણે જીવન જીવવાનો ઉત્સાહ, ઈશક ટળી જશે. કંઈ જ કરવાનું મન નહિ થાય. જે કાંઈ કરીએ તેમાં જરાય પણ મજા નહિ આવે. ઢસરડા થશે. વેઠ મનાશે. (૬) મોળા, હલકા, નકારાત્મક વિચારો આવશે. અંદરથી ભાંગી પડશે. (૭) નિરાશ, ઉદાસીન, નાહિંમત, બળહીન થઈ જવાશે. (૮) સત્સંગમાં નહિ નભાય, નહિ ટકાય. કદાચ પડ્યા રહીએ પણ વિકાસ નહિ થાય. સદ્‌ગુણો નહિ આવે. મોટાપુરુષનો રાજીપો નહિ પ્રાપ્ત થાય. શાંતિ નહિ થાય. જીવન સાર્થક નહિ લાગે. (૯) સો ટકા વિઘ્નમાં જ બેઠા હોઈએ એવું થશે. ગમે ત્યારે વિઘ્ન નડશે. (૧૦) સ્થિરતા, સમતા, સંતોષ, સલામતી, સાર્થકતા, સંપૂર્ણતા અને શાંતિનો અનુભવ ક્યારેય, ક્યાંય અને કોઈ પણ સંજોગોમાં નહિ જ થાય. (૧૧) જીવનનો આનંદ ગુમાવી બેસવાના. પોતાની શાંતિનું ખૂન પોતાની જાતે જ કરવાના. (૧૨) આજ સુધી કોઈ ફાવ્યું નથી અને હવે પછી બીજા પણ નથી જ ફાવવાના. (૧૩) આજ સુધી કોઈ બચ્યું નથી અને હવે પછી બીજા પણ નથી જ બચવાના. (૧૪) આજ સુધી કોઈની પ્રગતિ થઈ નથી અને હવે પછી બીજાની પણ પ્રગતિ નથી જ થવાની. (૧૫) જીવન કચરાપેટી જેવું બની જાય. પછી બધા જ બધાના બધી પ્રકારના અભાવ-અવગુણનો 'કચરો' નાંખવા આવે. પોતાનાં ઇન્દ્રિયો-અંતઃકરણ પણ બહારથી આવો જ કચરો અંદર ઠાલવે. અભાવ-અવગુણથી થતા નુકસાનની આવી ભયંકરતા જોઈને શ્રીજીમહારાજે અને ગુરુઓએ તેમાં પડવાનો સખત નિષેધ કર્યો છે. એકની એક વાત કેટલીવાર એમણે કરી છે ! એમનો કેટલો આગ્રહ છે !

## વિભાગ ૨ : અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી ભાગ ૧ તથા ૨નવી આવૃત્તિના આધારે

**(ભાગ - ૧ પાના નં. ૧ થી ૫૫૧, પરિશિષ્ટ - ૩ પાના નં. ૫૮૩ થી ૫૯૯, ભાગ - ૨ પાના નં. ૨૭૯ થી ૪૧૭, પરિશિષ્ટ - ૧ પાના નં. ૪૧૮ થી ૪૩૦, પરિશિષ્ટ - ૩ પાના નં. ૪૫૫ થી ૪૬૪, પરિશિષ્ટ - ૪ પાના નં. ૪૬૫ થી ૪૭૩)**

**નોંધ :- (૧) પ્રશ્નઃ ૭ થી ૧૦ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> વિષય ઉપર મુદ્દાસર નોંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ : ૧૨)

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. ગુણાતીતનાં સિંહ સંતાનો : હરિભક્તો**

૧. બારપટોળીના રાધાભક્ત - રાત્રે ખડી ચોકી કરતા - મંદિરનું મમત્વ - મંદિરની સેવા માટે રાળ ઉઘરાવવાની સેવા. ૧/૨૧૦-૨૧૧

૨. બેચરભાઈ જૈન- 'તમારો અપાસરો તમારી પાસે રહ્યો.' જૈનપદનો ત્યાગ.' ૧/૨૨૨

૩. કરસન બાંભણિયા મંદિરનું મમત્ત્વ - તમામ ઘરેણાં વરસાદની અછતને લીધે મંદિરની સેવામાં અર્પણ. ૧/૨૨૩

૪. ધાર્યું તો એક સ્વામિનારાયણ ભગવાનનું જ થાય છે, માટે અમથી બીક બતાવવાનું રહેવા દ્યો.'- ઉપલેટાના લાલાભાઈ ઇન્દ્રને. ૧/૨૭૮

૫. 'મને તો સિદ્ધોના પણ સિદ્ધ મળ્યા છે.' લોધિકાના દરબાર અભયસિંહ-દેહાખાચરને. ૧/૨૮૭-૨૮૮

૬. 'પ્રગટ પ્રભુને મેલીને હું પરોક્ષનો ઉધારો રાખતો નથી. તમારે જેમ ફાવે તેમ કરો.'-વાલેરા વરુ- જ્ઞાતિજનોને. ૧/૩૧૩

૭. 'તમે ઉડાડશો મા, ભલે ઠોલે.'- રાધા ભગત. - દીકરાઓને - ગામ કોવૈયાના રાધાભક્ત. ૧/૩૮૯

૮. ચાર હરિભક્તોનાં દર્શને જવું. ૧/૪૦૬

૯. 'અમારા હૈયાની આંટીયું બધી સ્વામીએ કાઢી નાંખી છે. આ તો અમારા દેશનો પહેરવેશ છે.' નારણ ભગત - આત્માનંદ સ્વામીને ૧/૪૯૧

૧૦. 'ત્યારે તો તમે ગુણાતીતાનંદ સ્વામીના શિષ્યો ખરા' વિધાત્રાનંદ સ્વામી-ઉપલેટા ને જાળિયાના હરિભક્તોને. ૧/૪૯૬

૧૧. 'આ ભગતને તો ભગવાને ઘણીવાર હાથો હાથ હાર આપ્યા છે અને માથે હાથ મૂક્યા છે.'- કાળસરીના હીરા ભગત - ગામના વાણિયાને. ૧/૫૨૮

૧૨. 'અહીં બધુંય છે તેની ના નથી પણ અહીં ગુણાતીત છે ?'- જગુભાઈ - ગઢડાના કોઠારીને ૧/૫૪૩

૧૩. 'તમે સૌ આ શું બોલો છો ? સ્વામીને આ રીતે ઠપકો આપવો અને અસભ્ય રીતે બોલવું તેમાં તમારી લાયકાત છે ?' સીંજીવાડાના પ્રભુદાસ - વરતાલમાં સ્વામીશ્રીનું અપમાન. ૨/૨૮૫

૧૪. 'માતાજીએ સારી સમજણ લીધી તે ઠીક થયું, નહીં તો માતાજીને ગામ બહાર જાવું પડત.'- વાગુદડના દરબાર ભાણાભાઈ. ૨/૩૦૦

૧૫. 'હું ફર્યો જ નથી પણ આપણો સૂરજ ફર્યો છે.'- વાગુદડના દરબાર ભાણાભાઈ - માતાને ૨/૩૦૧

**૨. ગુણાતીતાનંદ સ્વામીનાં આકરાં વર્તમાન.**

**નિયમધર્મ :** ૧. મને પણ મહારાજની આજ્ઞા પાળવા દ્યો. (કાંકરાવાળી જમીન પર સુવાનો પ્રસંગ) ૧/૭૬

૨. મહારાજની આજ્ઞાથી ચાર સાધુનું મંડળ બાંધ્યું. હંમેશા જોડમાં જ રહેતા. ૧/૧૫૨

**આજ્ઞાપાલન :**

૧. ઉમરેઠમાં જમ્યા પછી બે કલાક ઊભાં ઊભાં કીર્તન ભક્તિ કરી. (શ્રીજીમહારાજની આકરી આજ્ઞા છતાં તેનું પાલન) ૧/૧૧૬

**નિષ્કામ :** ૧. નિષ્કામઃ -૧ દૃષ્ટિ સંયમ - સૂરતમાં દરરોજ ઝોળી માગવા છતાં ઉપવાસ ન પડતો. ૧/૮૪

૨. મહારાજની આજ્ઞાથી બુરાનપુરમાં સ્ત્રીઓની સભામાં બે માસ સુધી અંતવૃતિ કરી વાતો કરી. ૧/૧૩૫

**નિઃસ્વાદ :**

૧. નાઘેર દેશમાં હરિભક્તોના આગ્રહથી ટોપરા ને દૂધ જમ્યા. -દૂધનો જીવન પર્યંત દૂધનો ત્યાગ. ૧/૯૩-૯૪

૨. સ્વામી રોજ કેટલી ભૂખ વેઠતા હશે ? વધેલા બે રોટલા જમી ગયા. ૧/૧૦૯

૩. રામદાસ સ્વામીના મંડળમાં - વિચરણમાં - વધેલા શેર મઠ જમી ગયા - અર્ધી ભૂખ વેઠતા. શરીર પુષ્ટ થાય તો ઉપવાસ કરતા. ૧/૧૦૯
૪. પાકના લાડુનો ત્યાગ ૧/૧૧૭
૫. તમારો તાલ અમારે વીંખી નાખવો જોઈએ ને ? (છાશમાં પાણી નાખ્યું) ૧/૨૨૪
૬. અમને મહારાજે જ્યારે મિષ્ટાન્ન જમાડ્યા તે પછી મહારાજના ધામમાં ગયા પછી કદી મિષ્ટાન્ન જમ્યા નથી. ૧/૪૪૯
૭. તેમાં કાંઇ તમારો હાથ ચીકણો થાય તેમ નથી.- સ્વામીશ્રીની ડબ્બીમાં શંકાશીલ સંતે હાથ નાખ્યો ત્યારે.૧/૫૦૨
૮. અમે તો ખૂરમા અને છાશ જમીએ છીએ.(નાગર ભક્તનો રસાસ્વાદ કાઢ્યો.) ૧/૫૦૪
૯. અયોધ્યાપ્રસાદજી મહારાજના સમ છતાં ભાતભાતનાં ભોજનનો ત્યાગ. ૨/૩૩૪

**નિઃસ્પૃહીઃ**

૧. સ્વામીના તો અમે નિરંતરના જામીન છીએ. ૧/૧૬૫
૨. સ્વામીશ્રી સિધ્ધિઓને ગુજરાત મોકલે છે. ૧/૩૫૫
૩. આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજની મહોબ્બનો ત્યાગ - સોનાના થાળમાં જમવાની ના. ૨/૩૩૩
૪. અયોધ્યાપ્રસાદજી મહારાજના સમ છતાં ભાતભાતનાં ભોજનનો ત્યાગ- અડદની દાળ અને રોટલા જમ્યા. ૨/૩૩૪

**નિઃસ્નેહ :** (૧) આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજની મહોબ્બતનો ત્યાગ - સોનાના થાળમાં જમવાની ના. ૨/૧૩૩

**નિર્માની :**

૧. જૂના સાવરમાં ગામ લોકોનો માર સહન કર્યો છતાં દરબારને ત્યાં દીકરો આવે તેવો સંકલ્પ. ૨/૧૦૫-૧૦૬
૨. વરતાલમાં સ્વામીનું અતિશય અપમાન. ૨/૨૮૩-૨૮૫
૩. વરતાલની સભામાં બીજી વાર અપમાન. ૨/૩૩૬
૪. સાધુથી ચાંદીના મ્યાનામાં ન બેસાય. ૧/૪૧૪

**૩. ગુણાતીતાનંદ સ્વામીએ બતાવેલું ઐશ્વર્યદર્શન.**

૧. મહેમદાવાદમાં વેદાંતીઓનો પરાજય ૧/૧૫૨
૨. પારેવા કા પીછ બના દીયા.- વિશ્વરૂપાનંદ સ્વામીને ૧/૧૨૫-૧૨૭
૩. કૃપાનંદ સ્વામીને સમાધિમાંથી જગાડ્યા. ૧/૧૩૪-૧૩૫
૪. રાધાભક્તને દિવ્ય દર્શન. ૧/૨૧૧
૫. હનુમાનજીએ મંદિરના શિખર ઉપર ઈંડું ચડાવ્યું. ૧/૨૧૧
૬. સ્વામીએ ગઢડામાં અક્ષરધામ દેખાડ્યું. ૧/૨૧૫
૭. લોઢવામાં સ્વામીશ્રીની મૂર્તિમાં નીલકંઠવર્ણીના દર્શન. ૧/૨૧૬-૨૧૭
૮. લોજના કાના વાળંદને સ્વામીશ્રીને ચરણમાં બ્રહ્માંડ દેખાયું. ૧/૨૧૯
૯. ભાડેર ગામની સીમમાં હિમ નહિ પડે. ૧/૨૨૨
૧૦. અક્ષરધામને ગ્રહણ નડશે નહિ.- વડોદરામાં શોભારામ શાસ્ત્રીને. ૧/૨૩૩
૧૧. જૂનાગઢમાં રામપ્રતાપભાઈને રણછોડરાયનાં દર્શન. ૧/૨૩૬
૧૨. ઠાકોરજીના ખડ માટે વરસાદ અટકાવ્યો. ૧/૨૪૧
૧૩. મીઠા ઠક્કરનો ક્ષય રોગ મટાડ્યો. - કબા વાણિયાને ગોલોકમાં મોકલ્યો. ૧/૨૪૫
૧૪. ઘોઘલામાં શિવશંકરની રક્ષા. ૧/૨૫૧
૧૫. દાડમાના નથુભટ્ટને અક્ષરધામનાં દર્શન. ૧/૨૫૩
૧૬. પમા કડિયાને અક્ષરધામનું બારણું બતાવ્યું. ૧/૨૭૯
૧૭. ઉપલેટા તણાતું બચી ગયું. ૧/૨૭૯
૧૮. માધવચરણદાસ સ્વામીને સમાધિમાં અક્ષરધામ બતાવેલું. ૧/૨૯૫-૨૯૬
૧૯. ત્રણ દેવો સ્વામીશ્રીનાં દર્શને. ૧/૨૯૮-૨૯૯
૨૦. મનની ઉપાધિ મારે ટાળવી. લે કોલ. - જાગા ભક્તને ૧/૩૨૨
૨૧. ડાંગરાના રવાજીને ધામમાં લેવા આવેલા ગોપાળાનંદ સ્વામી અને મહારાજે સ્વામીના વચને રાખ્યાં. ૧/૩૨૨-૩૨૪
૨૨. વરસાદ તો આવવાનો નથી. તેને માથે પણ નિયંતા છે ને ? (રઘુવીરજી મહારાજને આખામાં) ૧/૩૨૫
૨૩. બેચર પંડ્યાને સ્વામી ધામ બતાવે છે.- સ્વામીના સાથળમાં થયેલા ગુમડાં પર ગોપીચંદન ચોપડતા. ૧/૩૪૧-૩૪૨

૨૪. લાલાભાઈ ઈન્દ્રની સાથે ઐરાવત પર બેસીને ભાદર ઊતરે છે. ૧/૩૪૮
૨૫. સ્વામીશ્રી સિદ્ધિઓને ગુજરાતમાં મોકલે છે. ૧/૩૫૫
૨૬. વરતાલ છાવણી સમયે વરસાદથી ગોમતી તળાવ પાણીથી ભરાઈ ગયું. ૧/૩૬૭
૨૭. પ્રભુદાસ બારોટના દીકરાને જીવતો કર્યો. ૧/૫૨૯

**પ્ર.૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર ટૂંકનોંધ લખો. (દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮) નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. ગુણાતીતની પરાભક્તિ.**

૧. 'આપનાં દર્શન કરવાં અને વાતો સાંભળવી, તેમાં જ અમને તો સંપૂર્ણ શાંતિ અને આરામ મળે છે.' (સ્વામીશ્રીનો કથાનો ઈશક.) ૧/૭૭-૭૮
૨. મહારાજને ફૂલના શણગાર ધરાવે છે. ૧/૮૦-૮૧
૩. નેવાના પાણીથી ભીંજાતા મહારાજના દર્શનના લોભે ઊભા રહ્યા. ૧/૭૯
૪. સુરતથી બરફી અને અથાણું લઈ ચાલતા કારિયાણીમાં - અનિમિષ દૃષ્ટિએ દર્શનનો લીધેલો લહાવો. ૧/૮૯-૯૦
૫. 'અક્ષર તો આ લોકમાં પણ અમારી સેવામાં છે.'(વરસાદમાં મહારાજ ઉપર ધાબળો ધર્યો.તે પ્રસંગ) ૧/૧૧૧-૧૧૨
૬. ઉમરેઠમાં મહારાજની આજ્ઞાથી બે કલાક ઊભાં ઊભાં કીર્તન ભક્તિ. ૧/૧૧૬
૭. મહારાજને આપવા માટે સુરતના હરિભક્તે આપેલ રૂમાલ સાચવી રાખ્યો. ૧/૧૨૫
૮. 'મારે તો મહારાજનાં દર્શન થાય, એ જ મુદ્દો છે.(અક્ષર ઓરડીમાં ગીતા ઉપર રામાનુજ ભાષ્યની કથા વખતે) ૧/૧૨૫
૯. મહારાજના દર્શન સારૂં પાછા પગે દોડ્યા.(પાકના લાડુનો ત્યાગ) ૧/૧૧૭
૧૦. ત્રણેય અવસ્થામાં મહારાજની મૂર્તિ ઝાલી રાખે છે.(અઢાર માંદા સાધુની ગોદડીઓ ધોઈને આવતા સ્વામીએ મહારાજને વૃર્તિ દ્વારા ખેંચ્યા. તે પ્રસંગ ) ૧/૧૩૮-૧૩૯
૧૧. મહારાજે રોઝા ઘોડાનો મદ ઉતર્યો ત્યારે મહારાજની આગળ જઈ પોતાનું વસ્ત્ર પાથરી દીધું. તે પર મહારાજ પોઢી ગયા.( પંચાળેથી ગઢડા આવતાં કાઠીઓના કહેવાનો મર્મ પામીને દોડાવેલો રોઝો ઘોડો. તે પ્રસંગ) ૧/૧૪૪-૧૪૫
૧૨. મહારાજની અંતિમ માંદગીમાં રોજના ચાલીસ ગાઉ ચાલીને ગઢપુર આવ્યા. ૧/૨૦૦
૧૩. ધ્રોનું જીવન જળ તેથી તે લીલી છે. આપણું જીવન મહારાજ હતા. તે ગયા. આ વિચાર આવતાં મૂર્છા આવી ગઈ. ૧/૨૦૭

**૨. અન્ય પરમહંસોએ કહેલ ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા.**

૧. **મુક્તાનંદ સ્વામીના મુખે** - સાધુરામ ! તમે બહુ આગળ વધી જશો. ૧/૭૬
- અતિ શ્રદ્ધાળુ પુરુષ ! નથી દેહની પડી કે નથી નિદ્રાની. ૧/૭૯
- દૃષ્ટિનો સંયમ :- આ બસોની આવી સંયમવૃત્તિનાળા તો તેમ એક નીકળ્યા. ૧/૮૫-૮૬
- કુશળકુંવરબાના આગ્રહની વાત સ્વામીશ્રી પાસે કરાવી. ૧/૧૧૪
- મહારાજ તમને કોઇ દિવસ વઢતા નથી, તમે કહો તે સાંભળે છે, તમારી ઇચ્છા મુજબ વર્તે છે. ૧/૧૧૪
- હવે એ દિવસ ગયા, હવે પ્રસાદી ન અપાય. પત્તરની પ્રસાદી આપવાની ના પાડી. ૧/૧૪૦
- આ તમારા નિર્ગુણાનંદજી જડભરત જેવા છે. બરછટ ધાબળાની માગણી કરાવી. ૧/૧૪૨

૨. **નિત્યાનંદ સ્વામીના મુખે** - સ્વામી વાતોએ કરીને પંચ વિષયના મૂળિયાં કાપે છે. ૧/૨૪૪
- તમો તો જોગી છો માટે તમારી વાતો સૌને સદે. ૧/૨૬૪
- બીજાથી આવું ન બોલાય. પંડનું વર્તન સારું ન હોય તો શું બોલી શકે - આખો સોરઠ ધ્રુજાવી દીધો છે.
- સ્વામી તો શ્રીજી મહારાજે જેવા કહ્યા હતા તેવા આજે જ સમજાયા. ૧/૨૯૫
- સ્વામીશ્રી મહારાજનું સ્વરૂપ છે. - સ્વામીશ્રી પર મહારાજની અનહદ કૃપા છે. ૧/૨૯૫

૩. **આનંદ સ્વામીના મુખે :** તમને ધન્ય છે કે મહારાજનું સર્વોપરી સ્વરૂપ પ્રવર્તાવવામાં તમે આટલો દાખડો કરો છો. - અમદાવાદની સભામાં. ૧/૪૩૪
- અરે ગુણાતીત ! તમે તો બોત યાદ રાખ્યું છે. ૧/૪૩૬

૪. **આત્માનંદ સ્વામીના મુખે :** સોરઠ તો ગુણાતીતાનંદ સ્વામીનો દેશ - તે દેશના હરિભક્તોના હૈયામાં તો આંટી હોય નહિ. ૧/૪૯૧

૫. **કૃપાનંદ સ્વામીના મુખે :** તમે તો ગુરુ કરવા જેવા છો. - ઉગાખુમાણના ઘેર દીકરો થાય તેવો સ્વામીનો ઉમદા સંકલ્પથી કૃપાનંદ સ્વામી ખૂબ રાજી. ૧/૧૦૭

૬. **શુકાનંદ સ્વામીના મુખે :** વચ.ગ.મ. ૯ મું આજે સમજાયું. (ગુણાતીતાનંદ સ્વામીએ સમજાવ્યું ત્યારે.) ૧/૩૭૫
- ગુણાતીતની ઝોક જ જુદી હોય તેમ લાગે છે. આ ઝોકમાં જે ઉછર્યા હોય એના અંતરમાંથી મહારાજ કદી જાય જ નહિ. - આપ ખરેખર મોટા છો જ. - પાથરણું ખસેડીને સ્વામીએ દંડવત્ કર્યા ત્યારે ૧/૪૦૮-૪૦૯

૭. **ગોપાળાનંદ સ્વામીના મુખે :** અક્ષરધામને ગ્રહણ નડશે નહિ. ૧/૨૩૩-૨૩૪
- મારું કહ્યું તો જોગી જ ફેરવી શકે. ૧/૨૪૩
- સ્વામી તો અક્ષરબ્રહ્મનો અવતાર છે. તેમને વેદ (શાસ્ત્ર)ની તંતી આડી આવે જ નહિ. ૧/૨૪૪
- સર્વજ્ઞ, સર્વદક્ષ અને ધન્વંતર વૈદ્ય જેવા છે. ૧/૨૬૬
- સાધુ કેશવજીવનદાસને આ ગુણાતીતાનંદ સ્વામી શ્રીજીમહારાજના અક્ષરધામનો અવતાર છે. ૧/૨૭૬
- ગુણાતીતાનંદ સ્વામી જેવો વ્યવહાર અને મોક્ષ કરતાં બીજા કોઈને આવડતો નથી. ૧/૩૧૬
- પેટ ભરીને પૂરેપૂરી વાતો તો જૂનાગઢમાં જ થાય છે. ૧/૨૭૮
- માલજી સોનીને સ્વામીશ્રી અક્ષરધામનો અવતાર છે તેવી ઓળખાણ કરાવી. ૧/૩૦૪
- આ ટાણે તો શ્રીજી મહારાજ સામે દૃષ્ટિ જોઈએ કાં જૂનાગઢ. જ્યાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી બિરાજે છે. ૧/૩૧૭

૮. **ઘનશ્યામદાસ સ્વામીના મુખે :** તમો ખરા ચક્રવર્તી છો અને મહારાજનું સાક્ષાત્ સ્વરૂપ છો. હવે તમે અક્ષર સાચા. ૧/૨૮૨

**૩. મૂળજી ભક્તે ઓળખાવેલું પોતાનું સ્વરૂપ**

૧. અમે કાંઈ લાડુ જમવા આવ્યા નથી.(વસ્તા પટેલના ઘેર જમવાના પ્રસંગે ) ૧/૨૩
૨. પુરુષોત્તમનારાયણની સેવા કરવા માટે જ હું અહીં પણ આવ્યો છું. (મૂળજી મોડે સુધી સૂઈ ગયા તે પ્રસંગે માતા સાથે થયેલો સંવાદ ) ૧/૨૪
૩. મનુષ્યને માથે જન્મ અને મરણ છે પણ અમારે માથે નથી. અમે તો ભગવાનને રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છીએ.(ગુંમડાના પ્રસંગે માતાપિતા સાથેનો સંવાદ) ૧/૨૬
૪. ‘એ પરાવાણી હું ભણ્યો છું. -ઉપવીત સંસ્કાર વખતે અપાયેલા વ્રતોના પ્રસંગે ૧/૨૭
૫. પીતાંબર ભટ્ટને પ્રશ્ન ભગવાન કે ભગવાનની વિભૂતિ પૃથ્વી ઉપર પ્રગટ હોય તો તમે એને ઓળખી શકો ? - ઘેર બેઠાં ગંગા. ૧/૩૦
૬. મૂળજી સામે જોતાં દેવા પટેલને સમાધિમાં ધામસ્વરૂપના દર્શન- ભોળાનાથના કારજ પ્રસંગે ૧/૩૧
૭. હું તો ભગવાનને અખંડ દેખું છું.- બાલમિત્રોને ૧/૩૩
૮. મૂળજી આપણા જેવડા જ છે છતાં જાણે આપણાથી બહુ મોટા હોય એવી તેમની વાતો છે. ૧/૩૫
૯. ધામમાં જવું હોય તો પગ લાંબો કર. ઘા કરીને ધામમાં તને પહોંચાડી દઉં.-દંભીબાવાને ૧/૩૮
૧૦. ‘આવડું મોટું અક્ષર અહીં આવે’.- નથુ વાળંદ (નથુ વાળંદને અક્ષરધામના દર્શન ) ૧/૪૧
૧૧. વશરામભાઈને ઘેર બ્રાહ્મણોને સમજાયેલો મૂળજીનો મહિમા- દેવો પ્રસાદી લેવા આવ્યા તે પ્રસંગ ૧/૪૨

**પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગવર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખવું) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : ૩ ગુણ પ્રસંગોના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **બગલીઓ બળદ (૧/૫૦૨-૫૦૩) પ્રસંગ :** ભગવાન કે મોટા સંત મુક્તને જે પ્રકારની સેવાનો અવકાશ પ્રિય હોય તેવો દેહ ધરે છે. જૂનાગઢના મંદિરમાં એક મુક્તે જન્મ લઈ સેવા કરવાનું વ્રત લીધું હતું. સ્વામીશ્રી એને ‘બગલીઓ’ કહેતાં. આ બગલીઓ બળદ ગાડે જોડ્યો હોય અને ગમે તેટલો ભાર ભર્યો હોય તો પણ તે ગુડિયું વાળે નહિ, ઘંટીએ જોડે તો દળણુ દળાઈ જાય ત્યારે જ ઊભો રહે. અમસ્તો કદી ઊભો ન રહે. આની વિશિષ્ટતા એ હતી કે જ્યારે સ્વામીશ્રી કથા કરતા હોય અને પોતે નવરો હોય તો ચોકમાં આવીને બેસી કથાની સમાપ્તિ સુધી કથા સાંભળે. પછી સ્વામીશ્રી તેની પાસે આવીને હાથ ફેરવે ત્યારે જ ખીલે જાય.

ગાડે જૂતીને આવે ત્યારે અચૂક સ્વામીના દર્શને આવે. સ્વામીશ્રી પોતાના રૂમાલ વતી તેના શરીરની રજોટી ખંખેરીને સાફ કરે પછી જ ખીલે જાય. પશુએ પણ સ્વામીશ્રી પ્રત્યે આવી આત્મબુદ્ધિ કેળવી હતી, જ્યારે મનુષ્ય પોતાની બુદ્ધિના ડોડમાં અને શાસ્ત્રોના મહાસાગરમાં ડૂબીને અનાદિ અક્ષરબ્રહ્મને એક સામાન્ય સાધુ તરીકે માપે છે. તેથી જ આ સાધુસ્વરૂપમાં અક્ષરની અપરિમિત મોટપ જોવાની જ્ઞાનદૃષ્ટિથી તે સદા વંચિત જ રહે. ભગવાન કે મોટાપુરુષની કૃપાના અભાગી પુરુષોની વિદ્વતાની કે કવિત્વની અવહેલના કરતાં આદિ શંકરાચાર્યે લખ્યું છે કે ततः किमः ? ततः किमः ? સાક્ષાત્ અક્ષરબ્રહ્મનાં ચરણકમળમાં જો શિર ન નમાવ્યું તો વિદ્યાદિક ગુણો કાંઈ કામના નથી. **મનન :** દૈવી જીવ હોય તે કોઈપણ યોનિમાં હોય ભગવાન અને ભગવાનના એકાંતિક સંતને ઓળખી લેતા હોય છે અને તેની સેવા કરી લે છે. રામાવતારમાં ગીધ અને વાનરોએ રામચંદ્ર ભગવાનને ઓળખીને તેમની સેવા કરી લીધી. જ્યારે ચારવેદના ભણેલા બ્રાહ્મણ કુળમાં જન્મેલા રાવણે રાજાની સાથે યુદ્ધ કર્યું, તો તેના વિદ્યાદિક ગુણો કાંઈ કામમાં ન આવ્યા.

૨. **બ્રહ્મરૂપ થવાનું કેન્દ્ર જૂનાગઢ (ભાગ-૨/૨૮૬-૨૮૭) પ્રસંગ :** વડતાલમાં સ્વામીશ્રી સભામાં બિરાજ્યા હતા ત્યારે નડિયાદના ઝવેરલાલભાઈ અને તેમના પિતા ઉલ્લાસરામભાઈએ સ્વામીશ્રીની પૂજા કરી, ધોતિયું ઓઢાડ્યું. સ્વામીશ્રીએ દૃષ્ટિ કરી આશીર્વાદ આપતાં કહ્યું : 'તમને સારા એકાંતિકનો જોગ થશે.' ત્ર્યંબકલાલભાઈએ સ્વામીશ્રીને પૂછ્યું : 'સ્વામી ! મારે ઘરભંગ થયું છે તે હું શું કરું ?' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'ચાલ જૂનાગઢ બ્રહ્મરૂપ કરી મેલું' એમ કહીને દૃષ્ટિ કરી અને તેમના તમામ સંકલ્પો બંધ થઈ ગયા. મહારાજના મળેલા ધર્મસ્વરૂપાનંદ બ્રહ્મચારીએ સ્વામીશ્રીને કહ્યું :'સ્વામી ! મને રસાસ્વાદ નડતો નથી પણ બીજા દોષ નડે છે.' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'એક લક્ષણ આવ્યું છે અને બીજાં રહ્યાં છે. તો ચાલો જૂનાગઢ! બીજા ઓગણત્રીસ પૂરા કરી આપીશ.' આ પ્રમાણે સ્વામીશ્રીએ બ્રહ્મરૂપ થવાના કેન્દ્ર જૂનાગઢ આવવાનુ સૌ હેતવાળા મુમુક્ષુઓને આમંત્રણ આપ્યું. એટલામાં એક સાધુએ સ્વામીશ્રી અને શુકમુનિની પૂજા કરી એટલે સ્વામીશ્રીએ પૂછ્યું 'આ શાની પૂજા છે ?' ત્યારે શુકમુનિએ કહ્યું 'તેમણે ભાગવતનો પાઠ લીધો છે તેની પૂજા છે.' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'પ્રથમ સારા સાધુ પાસે ઉપાસના ભણજો ને પછી ભાગવતનો પાઠ ભણજો, નહીં તો પછી ઉપાસના ફરી જશે.' ત્યાં બેઠેલા મહેમદાવાદના વડાદરા કેશવલાલે તે સાંભળ્યું. આ શબ્દોથી મહારાજના સર્વોપરી સ્વરૂપનો અને સ્વામીશ્રીના અક્ષર સ્વરૂપનો તેમને નિશ્ચય થયો.

**મનન :** જે પૂર્ણ હોય તે જ બીજાને પૂર્ણ કરી શકે. જે અનાદિ અક્ષર હોય તે જ બીજાને બ્રહ્મરૂપ કરી શકે. જેની પાસે જે હોય તે આપી શકે. બીજાં શાસ્ત્રો વાંચતા અને ભણતા પહેલાં આપણે આપણા ઈષ્ટદેવની નિષ્ઠા પાકી કરવી જોઈએ નહિ તો બીજામાં અધિક સામર્થી અને ગુણ મનાઇ જાય તો ઉપાસના ફરી જાય.

૩. **હવે તેને લાકડાં કાપવાં નહીં પડે (ભાગ-૧/૪૮૫) પ્રસંગ :** શિયાળીની સાંજે ખૂબ ઠંડી હતી. તે સમયે વિસામો ખાતા સ્વામીશ્રીની નજર એક કઠિયારા પર પડતાં તેનું દારિદ્રય કાપવાનો મનમાં સંકલ્પ કર્યો. જેના પર તેમની દૃષ્ટિ પડતી તેનું આ લોક અને પરલોકનું સુધરી જતું. સ્વામીશ્રીએ મનજી ઠક્કરને કઠિયારા પાસે ઈંધણા લેવા મોકલ્યા. મનજી ઠક્કરે ઈંધણાં માંગ્યાં ત્યારે કઠિયારાએ મા સામું જોયું તો માએ કહ્યું : 'ઓલિયા જેસા ફકીર હૈ તો ભારી દે. આપણને દુવા દેશે.' કઠિયારાએ આખી ભારી આપી દીધી. તેની માએ કહ્યું : 'બેટા ! મારા ભારામાંથી પણ બે ઈંધણા નાખ એટલે મારું સારું થાય. આ રીતે ભારી લઈને આવેલા મનજી ઠક્કરને સ્વામીશ્રીએ પૂછ્યું : કાંઈ લીધું ?' ત્યારે મનજી ઠક્કરે કહ્યું : 'ના સ્વામી ! કાંઈ લીધું નથી પણ દુવાની આશાએ મફત ભારી આપી છે. ડોશીએ પણ એની ભારીમાંથી બે ઈંધણા નખાવ્યાં છે.' આ સાંભળી રાજી થયેલા સ્વામીશ્રીએ કહ્યું : 'હવે તેને લાકડાં કાપવાં નહિ પડે.' નવાબ સાહેબની નજર તેની બહેન પર પડતાં નવાબને તેની સાથે નિકાહ પઢવાની ઇચ્છા થઈ. બાઉદ્દીન અને તેની બહેનને દરબારમાં બોલાવી વાત કરી. માની સંમતિ લઈ બાઉદ્દીને તેની બહેનને નવાબ સાથે પરણાવી. બાઉદ્દીન ખાનગી કારભારી થઈ છેવટે દીવાન પણ બની ગયા. સ્વામીશ્રીના આશીર્વાદથી જ આ શક્ય થયું છે તેવું અખંડ જાણપણું રાખી બાઉદ્દીન પ્રસંગે પ્રસંગે મંદિરમાં રસોઈ મોકલે, સંતોને ધોતિયાં ઓઢાડે. સ્વામીશ્રીને પોતાના ઈષ્ટ માની છેવટ સુધી તેમની મરજી અનુસાર જીવ્યા. મોટાપુરુષની દૃષ્ટિ પડે તો રંક હોય તે રાજા થઈ જાય.

**મનન :** ગુણાતીતની દૃષ્ટિમાં જે આવે તેનું આ લોક અને પરલોક સુધરી જાય. આ લોકમાં મોટી પદવી પામે. ગમે તેટલા મોટા થવાય પણ દાસત્વભાવ મટવો ન જોઈએ અને જે કાંઈ મળ્યું છે તે તેમની કૃપાથી જ મળ્યું છે તેવું અખંડ જાણપણું રાખવું.

૪. **સ્વામીશ્રી શેર મઠ જમી ગયા (૧/૧૦૯) પ્રસંગ :** સ્વામીશ્રીને દેહનો અનાદર હતો. દેહને કષ્ટ આપવામાં તે ટેવાઇ ગયા હતા. રોજ અર્ધી ભૂખ વેઠતા પણ પોતાના સંગીને પૂરતું પોષણ મળે તેની કાળજી રાખતા. કેડે દોરો બાંધી રાખતા. શરીર પુષ્ટ થયેલું જણાય તો ઉપવાસ કરી નાખતા. મોટા રામદાસ સ્વામીએ તેમની માંગણી કરતાં મહારાજે તેમને કૃપાનંદ સ્વામીના મંડળમાંથી બોલાવી રામદાસ સ્વામી સાથે ફરવા મોકલ્યા. એક ગામમાં બે-ત્રણ સંતોને તાવ આવવાથી એક-બે દિવસ રોકાવાનું નક્કી કર્યું. આ સંતોથી અનાજ લઈ શકાતું ન હતું. તેથી ગામના હરિભક્તો મઠ શેકીને લાવ્યા. રામદાસજીએ તે મઠ માંદા સંતોને આપ્યા. પરંતુ મઠ ઘણા વધ્યા. તેથી સૌ સંતોને આપ્યા. સૌ તૃપ્ત થઈ ગયા. કોઈને વધારે ખાવાની શ્રદ્ધા ન હતી. રામદાસ સ્વામીએ કહ્યું : 'કોઈ સાધુને આપી દો, તે ખાઈ જાય.' ઝોળીમાં મઠ સંઘરાય તેવું ન હતું. તેથી સ્વામીએ કહ્યું : 'આપની આજ્ઞા હોય તો લાવો હું શેર મઠ જમી જાઉં.' આ સાંભળી રામદાસ સ્વામીને આશ્ચર્ય થયું. તેમને લાગ્યું આ સાધુ રોજ શેરની ભૂખ વેઠતા લાગે છે. તેમને સ્વામીનો મહિમા સમજાયો કે ખરા તપસ્વી પુરુષ છે. સ્વામીને તપ ખૂબ પ્રિય હતું. તપથી દેહ કૃશ કરી બ્રહ્મસ્થિતિની સાધનામાં અનિવાર્ય એવા બ્રહ્મચર્યની સિદ્ધિ છે તેવું તેઓ માનતા. **મનન :** પુષ્ટ થયેલા દેહની ઈન્દ્રિયો સંયમમાં રહેતી નથી. જેને બ્રહ્મચર્યવ્રત સિદ્ધ કરવું હોય તેણે સૌથી પહેલાં રસના ઈન્દ્રિયને જીતવી પડે. તેણે કરીને દેહ કૃશ થાય અને ઈન્દ્રિયો શિથિલ થાય તો બ્રહ્મચર્યવ્રત આસાનીથી સિદ્ધ થાય.

૫. **આસનથી મોટપ નથી (૧/૧૯૦-૧૯૧) પ્રસંગ :** સંવત ૧૮૮૬ના શ્રાવણ માસમાં કૃષ્ણ જયંતિના સમૈયા પર સ્વામી ગઢડા ગયા ત્યારે સીધા અક્ષર ઓરડીએ મહારાજનાં દર્શન કરવા ગયા. સ્વામી દંડવત્ કરતા હતા ત્યારે શુકમુનિ મહારાજ પાસે બેસીને પત્ર લખતા હતા. તે ઊભા થઈને સ્વામી માટે આસન શોધવા લાગ્યા ત્યારે મહારાજે પૂછ્યું 'શું ખોળો છો ?' ત્યારે શુકસ્વામીએ કહ્યું 'આ જૂનાગઢના મહંત માટે આસન શોધું છું.' ત્યારે મહારાજે કહ્યું : 'આસનની એમને જરૂર નથી. એમની મોટપ કાંઈ આસનથી કે મહંતાઈથી નથી. એ તો જેમ અમારી મોટપ અનાદિની છે, તેમ એમની મોટપ પણ અનાદિની છે. શાસ્ત્રમાં ચોથો ભેદ બ્રહ્મનો કહ્યો છે. તે જ અનાદિ બ્રહ્મ આ સ્વામી છે. માટે તેમની મોટપ પણ અનાદિની જ છે. આસનથી જેણે મોટપ નાની હોય તે મોટપ તો ચલિત છે. એટલે ટળી પણ જાય. વળી જે સાધન દશાવાળા હોય તે જ તેવી મોટપ ઈચ્છે. જ્યારે આ તો અનાદિ સિદ્ધ શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ છે જેને જીવ, ઈશ્વર અને માયા સદા આધીન રહે છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો આવો મહિમા સાંભળીને શુકમુનિ સ્તબ્ધ બની ગયા. **મનન :** અક્ષરનો સાચો અને સ્પષ્ટ મહિમા પરબ્રહ્મ જ કહી શકે પણ જીવમાં તેવી મુમુક્ષુતા હોય તો જ તે ઓળખી શકે. તે ઓળખ્યા સિવાય તો અક્ષરધામમાં ન જઈ શકાય. સ્વામીએ પણ તેમની વાતમાં કહ્યું છે કે 'જેને આ સાધુની ઓળખાણ થઈ છે તેના બેય પગલાં અક્ષરધામમાં છે.'

**પ્ર.૧૦ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ <u>એક</u> પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

**૧. કૃપાનંદ સ્વામી**

| | | |
|---|---|---|
| ૧. | આવા અક્ષરપતિ પુરુષોત્તમ પ્રગટ થયા અને હજી આ ભરવાડ આવા રાફડિયા બોલે છે. | ૧/૧૦૧ |
| ૨. | પાણવીમાં પૂજા ભક્તનું મુમુક્ષુપણું પારખીને તેને ઘેર ગયા વર્તમાન ધરાવી સત્સંગી કર્યાં. | ૧/૧૦૨ |
| ૩. | 'તમે તો ગુરુ કરવા જેવા છો' ગુણાતીતાનંદ સ્વામીને. - 'ઉગાખુમાણને ઘરે દીકરો થાય' તેવા ગુણાતીતાનંદ સ્વામીના સંકલ્પમાં ભળીને ધૂન કરી. | ૧/૧૦૭ |
| ૪. | કૃપાનંદ સ્વામી દોષ સ્પષ્ટ બતાવે છે એટલે મને તેમની સાથે રહેવું વિશેષ ગમે છે. - ગુણાતીતાનંદ સ્વામી. | ૧/૧૨૯ |
| ૫. | કૃપાનંદ સ્વામીના મંડળના વર્તનથી રાજી થયેલા કારિયાણીના હરિભક્તો. | ૧/૧૩૦-૧૩૧ |
| ૬. | સ્વામીએ કૃપાનંદ સ્વામીને સમાધિમાંથી જગાડ્યા. | ૧/૧૩૪-૧૩૫ |
| ૭. | અહીં હરિભક્તોના ઘરમાં દાણા ખૂટ્યા લાગે છે. સાંજે સંતો સાથે ઓઢાથી સમઢિયાળે ગયા. | ૧/૧૪૮ |
| ૮. | ગુણાતીતાનંદ સ્વામી અને કૃપાનંદ સ્વામીએ ખેતરોમાં ફરી ફરીને પરાણે સત્સંગ કરાવ્યો છે. જ્યાં અમે સત્સંગ કરાવ્યો છે. ત્યાં ડાકલું કે દોરો પેસવા પામ્યો નથી. | ૧/૧૫૦ |

૯. આગળ કોઈ મોટા સાધુ મળશે ત્યારે સમજાવશે. નાજા જોગિયાને કૃપાનંદ સ્વામી કહે છે. ૧/૨૮૧
૧૦. કૃપાનંદ સ્વામી જેવાનો યોગ હોય અને બ્રહ્માના કલ્પપર્યંત આવરદા હોય ત્યારે કાંઈક સમજાય. ૧/૪૫૬
**વ્યક્તિત્વ :** નિયમધર્મના ખૂબ આગ્રહી. તેમના મંડળમાં પોલ નભે નહિ. ભૂલ હોય તો તરત જ ટોકે. સ્વામીશ્રીનું સ્વરૂપ ઓળખ્યું હોવાથી 'ગુરુ કરવા જેવા છો.' કહી પોતાના ભાવ વ્યક્ત કર્યાં છે. વ્યક્તિએ વ્યક્તિએ ફરીને સત્સંગ કરાવ્યો છે.

**૨. શાસ્ત્રી ધર્મતનયદાસજી :**

૧. સ્વામીશ્રી જમ્યા તેમાંથી બ્રાહ્મણોને પોંક કેમ અપાય ? - ધર્મતનયદાસજીને મનમાં શંકા ૨/૩૫૯-૩૬૦
૨. જન્મ સંવત ૧૯૦૬ અષાઢ સુદ બીજ - ખરડ ગામ - ક્ષત્રિય જ્ઞાતિ - પિતા સત્સંગી - ૧૩ વર્ષની વયે ધોલેરામાં અદ્‌ભૂતાનંદ સ્વામી સ્વામીના પ્રસંગમાં - કુટુંબીઓ તરફથી ઉપાધિ - જૂનાગઢ જવાની અદ્‌ભૂતાનંદ સ્વામીની આજ્ઞા - સ્વામીએ ભલામણ પત્ર લખી આપ્યો - સ્વામીની અંતર્યામીની પરખ કિશોર પામી ગયો - અમારે તમને સાચવવા જોશે - હું હવે સાચે ઠેકાણે આવ્યાની પ્રતિતી - સંબંધીઓ ત્યાંથી પણ આવીને તેડી ગયા. - ફરીથી ઘેરથી નીકળી ધોલેરા આવીને રહ્યા. - રાત્રે સ્વપ્નમાં ગુણાતીતાનંદ સ્વામીએ અદ્‌ભૂતાનંદ સ્વામીના વચનની અપાયેલી યાદ -રાત્રે જ જૂનાગઢ પ્રતિ પ્રયાણ કર્યું. - નવી હવેલીના કામમાં - આ છોકરાને માથે આવું છલકતું તગારું કોણે મૂક્યું ? - કપચીની સેવામાં જોડ્યા - શિક્ષાપત્રી અને વચનામૃત વાંચતા સ્વામીશ્રીએ શીખવી દીધું - 'નવલ સનેહી નાથજી..' કીર્તન ગાઈને સ્વામીશ્રીને રાજી કર્યા - 'ઓરડાના.. ' કીર્તન શીખવાની આજ્ઞા - તે જ દિવસે તે કીર્તન કંઠસ્થ કર્યું- સ્વામીશ્રીનો રાજીપો - સંસ્કૃત ભણાવવાનો સંકલ્પ - અચિંત્યાનંદ બ્રહ્મચારીને સંસ્કૃત ભણાવવાની કરેલી આજ્ઞા - બાલમુકુંદદાસને કરેલી સોંપણી - સંવત ૧૯૨૪માં શ્રી ભગવત્પ્રસાદજી મહારાજે દીક્ષા આપી ધર્મતનયદાસ નામ આપ્યું - વીસ વર્ષનો અભ્યાસ કરી ઉત્તમ કોટિના પંડિત થયા - અક્ષર અને પુરુષોત્તમના સ્વરૂપની ઘણી વાતો કરતા- સંધ્યા આરતી પછીની પ્રાર્થનામાં 'महाध्यानाभ्यासम्'એ સ્વામીશ્રીના મહિમાના સ્તોત્રની શરૂઆત કરાવી - ગુણાતીતાનંદ સ્વામી જ અક્ષરબ્રહ્મ કેમ ? શંકા કરનારના અંતરમાં સ્વામીના અક્ષરસ્વરૂપની નિષ્ઠા દૃઢ કરાવતા - 'વરતાલની સભામાં સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર છે એ પ્રતિપાદન હું શાસ્ત્રોના પ્રમાણોથી કરી આપું.' તેવું ઘણી વાર તેઓ કહેતા. - નીડર, ઉત્તમ શ્રેણીના વિદ્વાન છતાં વાદવિવાદમાં કદી ઉગ્ર ન થતા. - સંવત ૧૯૪૯માં વિહારીલાલજી મહારાજે ગોંડલ મંદિરના મહંત બનાવ્યા - મંદિરની આજીવિકાની ચિંતા - સ્વામીશ્રીએ સ્વપ્નમાં દર્શન દઈને આપેલા આશીર્વાદ - ચિંતા કરનાર પુરુષ તો પ્રગટ છે. - પાટડા બધા અમે ચડાવી દેશું - ટાઢો રોગ થયો- પ્રકૃત્તિ અનુસાર દૂધ માટે કોઠારી ટોકવા લાગ્યા - સ્વામીશ્રીએ વણથળીમાં કરેલી વ્યવસ્થા - સંવત ૧૯૬૮ના આસો વદી એકાદશીની રાત્રે અક્ષરધામમાં વિરાજી ગયા. ૨/૪૨૨
**વ્યક્તિત્વ :** સ્વામીને રાજી કરવાની ભાવનાવાળા - ગમે તેવી શંકાશીલ વ્યક્તિને પણ અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા કરાવી શકતા. સેવાની ભાવનાવાળા - મંદિરના મમત્વવાળા.

## વિભાગ ૩: સનાતન ધર્મ અભિગમ - નવી આવૃત્તિના આધારે

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

**૧. સૌરભ્ય ભોજન એટલે કેવું ભોજન ? (૪)**

જ. ભોજનમાંથી ઉત્તમ સુગંધ નીકળતી હોવી જોઈએ જે ભોજન કરનારને પ્રસન્ન કરી દે તે સૌરભ્ય ભોજન કહેવાય.

**૨. વચ.ગ.અં.૨૪ પ્રમાણે શ્રીજીમહારાજ સ્ત્રી-પુરુષ હરિભક્તોનું માહાત્મ્ય કઈ રીતે સમજવાનું કહે છે ? (૭૪)**

જ. વચ. ગ.અં.૨૪ પ્રમાણે શ્રીજીમહારાજે સ્ત્રી-પુરુષ હરિભક્તોનું માહાત્મ્ય સૌનું સમપણે સમજવાનું કહે છે.

**૩. બ્રહ્મચર્યભંગનાં કોઈપણ ચાર કારણો લખો. (૪૮-૫૦)**

જ. આહારમાં અવિવેક, શૃંગાર, કુસંગ, કુવિચાર, કુચર્ચા, સિનેમા, અનિયમિતતા, આત્મદોષ, ઘરનું વાતાવરણ, અસંયમ.

**૪. બ્રહ્મચર્ય દ્વારા રાજા શું કરી શકે અને દેવતાઓએ શાના ઉપર વિજય મેળવ્યો ? (૩૭)**

જ. બ્રહ્મચર્ય દ્વારા જ રાજા રાષ્ટ્રનું સંરક્ષણ અને સંવર્ધન કરી શકે છે, અને બ્રહ્મચર્ય દ્વારા જ દેવતાઓએ અમર થઈ મૃત્યુ ઉપર વિજય મેળવ્યો.

**૫. ભગવાન સ્વામિનારાયણે ધોલેરામાં કઈ મૂર્તિઓ સ્થાપી ? (૯૪)**

જ. ભગવાન સ્વામિનારાયણે ધોલેરામાં રાધિકાએ સહિત મદનમોહનની મૂર્તિઓ સ્થાપી.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (ચાર થી પાંચ લીટીમાં) (કુલ ગુણ : ૬)**

**૧. શાકાહારી મનુષ્ય અને માંસાહારી પ્રાણીના મોઢાની રચનામાં રહેલા તફાવતો જણાવો. (૭)**

જ. શાકાહારી પ્રાણીને મોઢામાં આગળના ભાગમાં અણિયાળા દાંત હોતા નથી. વળી તેને મોઢાના પાછળના ભાગમાં ખોરાકને ઢીલો કરવા માટે ખાસ ચપટા દાંત હોય છે. ખોરાકને ચાવવા માટે ગાય તથા ભેંસનું જડબું ઉપરથી નીચે તથા જમણી બાજુથી ડાબી બાજુ હલી શકે છે. તેથી વિરુદ્ધ માંસાહારી પ્રાણીને તીક્ષ્ણ દાંત હોય છે. જેનાથી તે માંસ ફાડી શકે છે. તેનું જડબું ઉપરથી નીચે સુધી જ હલી શકે છે. વળી તેનો ખોરાક-માંસ જઠરમાં પચે છે તેથી ખોરાકને ચાવવા માટે શાકાહારી પ્રાણી જેવા ચપટા દાંત મોઢાના પાછળના ભાગમાં હોતા નથી. શાકાહારીના મોઢામાં ખોરાક ચાવતી વખતે ટાયલીન નામનું તત્ત્વ સ્ત્રવે છે. જેથી પાચન સરળ બને છે. માંસાહારી પ્રાણીમાં તેવી ક્રિયા થતી નથી.

**૨. મનુસ્મૃતિમાં પુનર્જન્મનું પ્રતિપાદન કરતાં શું કહ્યું છે ? (૧૦૫)**

જ. મનુસ્મૃત્તિમાં પણ પુનર્જન્મનું પ્રતિપાદન કરતાં ઘણાં વચનો મળે છે. કયાં કયાં કર્મોથી જીવ કઈ કઈ યોનિઓને પામે છે, તે સમજાવતાં ભગવાન મનુ કહે છે : સત્ત્વગુણી લોકો દેવયોનિમાં, રજોગુણી મનુષ્યયોનિમાં અને તમોગુણી તિર્યગ્યોનિને પ્રાપ્ત થાય છે. જીવોની આ ત્રણ પ્રકારની ગતિ હોય છે. પછી મનુ ભગવાન બ્રહ્મહત્યા, સુરાપાન, ગુરુપત્નીગમન આદિ કેટલાંક મહાપાતકોનો ઉલ્લેખ કરીને કહે છે કે ‘આ પાપો કરવાવાળા મનુષ્યો અનેક વર્ષ સુધી નરક ભોગવીને પછી નીચ યોનિઓને પામે છે. બ્રહ્મહત્યા કરવાવાળા કૂતરા, સૂવર, ગધેડા, ચાંડાલ આદિ યોનિઓને પામે છે. બ્રાહ્મણ થઈને મદિરાપાન કરવાવાળા કૃમિ, કીડા, પતંગાદિ તથા હિંસક યોનિઓમાં જન્મ લે છે. ગુરુપત્નીગામી તૃણ, ગુલ્મ, લતા આદિ સ્થાવર યોનિઓમાં સેંકડો વાર જન્મ ગ્રહણ કરે છે તથા અભક્ષ્ય ભક્ષણ કરવાવાળા કૃમિ થાય છે.

**૩. બ્રહ્મચર્યપાલનમાં ઈશ્વર-પરાયણતા કઈ રીતે ઉપયોગી છે ? (૬૦)**

જ. બ્રહ્મચર્યપાલનમાં સૌથી અગત્યનું સાધન ઈશ્વર-પરાયણતા છે. પરમાત્મા સર્વજ્ઞ, સર્વ સમર્થ, સર્વ વ્યાપક છે અને આપણાં સારાં-ખોટાં કર્મોને જુએ છે. પ્રભુ આપણા હૃદયમાં વિરાજમાન છે. અપરાધ કર્યા પછી કળથી, બળથી, છળથી રાજદંડ કદાચ નિવારી શકાય, પરંતુ પ્રભુની દૃષ્ટિથી બચી શકાતું નથી. આંધળાં, બહેરાં, મૂંગાં, રોગી, દરિદ્ર, દીન, હીન, અંગક્ષીણ તથા પરાધીન - આ સર્વ પોતાનાં અયોગ્ય કર્મોનું ફળ ભોગવી રહ્યાં છે એવું શાસ્ત્રો કહે છે. તેને કોઈ ટાળી શકતું નથી. તેથી ભગવત્પરાયણતા - જે બ્રહ્મચર્યનું ચરમ લક્ષ્ય છે તે સારી રીતે ભક્તિભાવથી આદરપૂર્વક કેળવવી જોઈએ. मच्चित: सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि । (ગીતા) અર્થાત્ ભગવાનની કૃપાથી ગમે તેવાં વિઘ્નો પાર કરી શકાય છે.

**પ્ર.૧૩ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ <u>એક</u>નો મુદ્દાસર જવાબ લખો. (દસેક લીટીમાં) (કુલ ગુણ : ૩)**

**૧. બ્રહ્મચર્ય પાલનમાં સંત-સમાગમ કઈ રીતે સહાયક થાય છે ? (૬૦-૬૧)** બ્રહ્મચર્ય સિદ્ધ કરવા માટે કે તેના લક્ષ્યરૂપ ભગવત્પરાયણતા સિદ્ધ કરવા માટે કે બ્રહ્મચર્ય-પાલનમાં સહાયભૂત કોઈપણ સાધન સિદ્ધ કરવા માટેનું રામબાણ શસ્ત્ર હોય તો તે છે સંત-સમાગમ. બ્રહ્મસ્વરૂપ સંતનો નિષ્કપટભાવે મન, કર્મ, વચને સમાગમ એ બ્રહ્મચર્યની સિદ્ધિ છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે સંત-સમાગમ દ્વારા અનેક સાધનોનો અંત આવે છે. સત્પુરુષને વિષે અતિશય પ્રીતિ એ આત્મદર્શનનું તથા પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થયાનું સાધન છે, અને સંત-સમાગમ ઇન્દ્રિયોની વૃત્તિ કુંઠિત થયાનું પણ એક અદ્વિતીય સાધન છે. બાહ્ય દૃષ્ટિએ કઠણ જણાતાં ઇન્દ્રિય-નિગ્રહનાં બંધનો સત્પુરુષ સાથેના પ્રીતિના બંધનને પરિણામે સહજ થાય છે. સાચા સંતનો સમાગમ પ્રીતિપૂર્વક કરવાથી દૃષ્ટિમાં પરિવર્તન આવે છે. આ મનુષ્યદેહ વૈજ્ઞાનિકને માટે ઇલેક્ટ્રોનનો સમૂહ છે. વૈશેષિક મતપ્રવર્તક કણાદના મતે અણુ-પરમાણુ આદિનો એક પિંડ છે. હિંસક પ્રાણીને માટે ભોજનનો વિષય છે, કામીને માટે ઉપભોગનો પદાર્થ છે, અને વિવેકી-વૈરાગીને માટે હાડમાંસની બનેલી મળમૂત્રાદિથી ભરેલી એક પૂતળી છે. યોગીજી મહારાજ કહેતા કે ‘શરીર એ મળમૂત્રાદિથી ભરેલો કોથળો છે, નવ દ્વારે નરક ઝરે છે અને ગંધાય છે.’ માટે તેને વિષેની આસક્તિ તોડી

ભગવાનની પ્રસન્નતામાં હેતુરૂપ બને એ જ મનુષ્યદેહનું કર્તવ્ય છે. સંત-સમાગમથી મનોભાવનું પરિવર્તન થતાં અખંડ આનંદ મળે છે અને બ્રહ્મચર્યમાં પૂર્ણપણે સ્થિર થવાય છે. સાચા બ્રહ્મચારીને માટે સંત-સમાગમ એક અનુપમ યુક્તિ છે, જેના દ્વારા ભગવાન, ભગવાનનું ધામ અને ધામમાં રહેલા મુક્તો વિના દશ્યમાન સર્વ કાંઈ માયિક નામરૂપ તુચ્છ, નાશવંત, દુઃખરૂપ છે એમ જાણી, એ માયિક નામરૂપને વિષે દોષદૃષ્ટિ રાખી, અતિશય વૈરાગ્યને પામે છે. આવા ભક્તને બ્રહ્મચર્યમાં કોઈ વિઘ્ન આવતું નથી. ભગવાનના પરમ એકાંતિક સંતનો સમાગમ મન, કર્મ, વચને કરવાથી તેમની શક્તિશાળી વિચારાધારાઓનો તથા તેમના આધ્યાત્મિક તેજઃપુંજની અસર સમાગમમાં આવનારને થાય છે. એવા સંતના પ્રસંગથી મન તરત જ પવિત્ર થાય છે. જેમ એક દિવાસળી રૂની મોટી ગાંસડીને જરા વારમાં બાળીને ભસ્મ કરે છે, તેવી જ રીતે એવા સંતનો પ્રસંગ પણ મનુષ્યનું અજ્ઞાન, કામુક સંસ્કાર તથા દુષ્કર્મોને બાળીને ભસ્મ કરે છે. સંત-સમાગમથી ભગવાનનું સાન્નિધ્ય અનુભવાય છે અને અંતરમાં શાંતિ થાય છે.

૨. **તમાકુ અને ધૂમ્રપાન (૨૬-૨૭)** તમાકુ ખાવી, પીવી, સૂંઘવી નહિ એ પણ આહારશુદ્ધિનો એક વિભાગ જ છે. ખાસ કરીને આજે જ્યારે દુનિયામાં બહુ મોટા પ્રમાણમાં તે પીવાય છે ત્યારે તેની વિપરીત અસરો જાણવી જરૂરી છે. અડધા શેર તમાકુમાં એટલું વિષ છે કે જો તેનો એ પ્રમાણે પ્રયોગ કરવામાં આવે અને પૂરેપૂરો પ્રભાવ પડે તો ત્રણસો મનુષ્યોનાં મૃત્યુ થઈ જાય છે. અડધા શેર તમાકુમાંથી ૩૮૦ ગ્રેન નિકોટીન મેળવી શકાય છે. અભ્યાસીઓ અનેક પ્રયોગ કર્યા પછી કહે છે કે એક ગ્રેન નિકોટીન એક કૂતરાના પ્રાણ ત્રણ મિનિટમાં હરી લે છે. પરંતુ એવું જોવામાં આવે છે કે મનુષ્ય કેવળ ૧/૧૫ ગ્રેન નિકોટીનથી ફક્ત ૩૦ સેકંડમાં મૃત્યુ પામે છે. વિશ્વના અગ્રગણ્ય ચિકિત્સકોનો સર્વમાન્ય અભિપ્રાય છે કે 'નિકોટીન એક વિષમય રાસાયણિક પદાર્થ છે, તેનો એક ગ્રામ((અડધું ટીપું) મનુષ્યનો પ્રાણ હરી લેવા માટે પર્યાપ્ત છે. આજે વિદેશમાં ધૂમ્રપાન વિરોધી ઝૂંબેશ ચાલી છે. અમેરિકન કેન્સર સોસાયટીના ભૂતપૂર્વ પ્રમુખ ડો. બેન્જામી એફ. બાયર્ડ ધૂમ્રપાનની અસરોનું વર્ણન કરતાં કહે છે : ''ધૂમ્રપાન કરનારો સિગારેટનો એક કશ ખેંચે છે કે તરત તેના લોહીનું દબાણ ૧૦ થી ૨૦ પોઈન્ટ ઊંચું જાય છે. તેની નાડીના ધબકારા દરેક મિનિટે ૨૫ જેટલા વધી જાય છે. તેની ચામડી ઉપરનું ઉષ્ણતામાન પાંચથી છ ડીગ્રી વધે છે, કારણ કે તમાકુમાં રહેલા નિકોટીનને કારણે ચામડીની અંદરની સૂક્ષ્મ રક્તવાહિનીઓ સંકોચાઈ જાય છે.' ધૂમ્રપાન કરનારાની આંખોમાં થોડી થોડી ઝાંખપ આવે છે. સિગારેટનો ધુમાડો બહાર નીકળે છે છતાં તમાકુના ૯૦% તેના કોષોમાં રહી જાય છે અને એ સૂક્ષ્મ તમાકુના કણોમાં ૧૨૦૦ જાતનાં રસાયણો હોય છે. આ રસાયણોમાં ગ્લાયકોલ, એલ્ડીહાઈડીઝ, કેન્ટોસ, એલીફેટીક હાઈડ્રોકાર્બન્સ, રીનેટીક, ફેનોલ જેવાં ઘણાં રસાયણો હોય છે. આ રસાયણોમાં આપણને ઝાઝી ગતાગમ ન પડે તો સાદી ભાષામાં સમજી લેવું કે મિલના ભૂંગળામાથી કે મોટરકારમાંથી જે ધુમાડો નીકળે છે અને તેમાં જે હાનિકારક રસાયણો હોય છે એવાં રસાયણવાળો ધુમાડો ધૂમ્રપાન કરવાથી શરીરમાં રહી જાય છે. જે ધૂમ્રપાનનો ધુમાડો લિજ્જતથી અને અદાપૂર્વક ગળામાં રાખે છે તેના ધુમાડામાં ૬૦% ઝેરી વાયુ હોય છે. પ્રોપેન, બ્યુટેન, મિથેન, ફોર્માલ્ડીહાઈડ નામના ઝેરને લોકો જાણી જોઈને ધૂમ્રપાન દ્વારા ફેફસામાં દાખલ કરે છે, કાર્બન મોનોક્સાઈડ શરીરમાં જાય એટલે હૃદયને મળતો ૧૫% પ્રાણવાયુ આ કાર્બન મોનોક્સાઈડ ખાઈ જાય છે.

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (પંદર થી વીસ લીટીમાં) (કુલ ગુણ : ૬)**

**૧. અર્ચાસ્વરૂપ : મૂર્તિરૂપે પરમાત્માનું સુલભપણું (૮૯-૯૨)**

શિક્ષાપત્રી ૧૨૧મા શ્લોકમાં 'મતં વિશિષ્ટાદ્વૈતં મે' એમ કહીને શ્રીજીમહારાજે કહ્યું કે વિશિષ્ટાદ્વૈત મત મને ઘણો પ્રિય છે. માટે એ મતના સ્થાપક રામાનુજાચાર્યે મૂર્તિપૂજા અંગે ભગવાનનાં પાંચ સ્વરૂપ બતાવ્યાં છે.

૧. પર સ્વરૂપ : અપ્રાકૃત દિવ્ય વૈકુંઠ લોકમાં સદા વિરાજમાન, સદા સાકાર, અને દિવ્ય આભૂષણથી વિભૂષિત રાધા-લક્ષ્મી ભક્તોથી સેવાયેલા આવા ભગવાન કદાપિ પૃથ્વી પર આવતા નથી. મનુષ્યોના ઇન્દ્રિય અંતઃકરણથી અગોચર છે. શ્રીજીમહારાજ કહે છે ભગવાન સર્વે નિયમોના બંધનથી પર છે તેથી સંકલ્પ કરે ત્યાં ધામમાં રહ્યા થકા જ અન્ય સ્વરૂપે પૃથ્વી પર જઈ શકે છે. આ મનુષ્યમૂર્તિને ધામની મૂર્તિ એક જ છે.

૨. વ્યૂહ સ્વરૂપ : ઉત્પતિ, સ્થિતિ અને સંહાર માટે વાસુદેવ સંકર્ષણ, અનિરુદ્ધ અને પ્રદ્યુમન એ ચતુવ્યૂહરૂપે ભગવાનનું વ્યૂહ સ્વરૂપ છે.

૩. વિભવ સ્વરૂપ : દેવ મનુષ્યાદિના સજાતીયરૂપે તે તે નામથી ધારણ કરાયેલો અવતાર વિશેષ શ્રીજીમહારાજના મત અનુસાર અવતારમાત્ર પરબ્રહ્મ પુરુષોત્તમના અનુપ્રવેશથી જ થાય છે અને પુરુષોત્તમ અવતારી કહેવાય છે.

૪. અંતર્યામી સ્વરૂપ : જડ અને ચૈતન્યનાં સાક્ષીરૂપે હૃદયમાં નિવાસ કરી રહેલા પરબ્રહ્મ અંતર્યામી તરીકે

ઓળખાય છે. શ્રીજીમહારાજ કહે છે : જીવ, ઈશ્વર તથા મુક્ત અને અક્ષર પર્યંત સર્વેમાં પોતાની અંતર્યામી શક્તિથી અંતર્યામીરૂપે સાક્ષીરૂપે પરમાત્મા સ્વયં રહેલા હોય છે.

૫. અર્ચા સ્વરૂપ : અર્ચા એટલે પૂજા. એના માટે થયેલો અવતાર એ અર્ચા અવતાર એટલે કે મૂર્તિઓનું બીજું નામ એટલે 'અર્ચાવતાર'.

૬. શ્રીજીમહારાજના મત અનુસાર ભગવાન કે ભગવાનના ધારક સંતે આપેલ અને વિધિપૂર્વક સ્થાપેલ ચિત્ર-પાષાણની મૂર્તિમાં ભગવાન સ્વયં અનુગ્રહથી નિવાસ કરી ભક્તોના મનોરથ પૂરા કરે છે.

૭. રામાનુજમત અનુસાર અર્ચા સ્વરૂપની વિશેષતા એ છે કે પોતાનાં ભક્તનાં લાડકોડ પૂરા કરવાનું કાર્ય, પર, વ્યૂહ તથા વિભવ સ્વરૂપે ન થઈ શક્યું તેથી અર્ચા સ્વરૂપ ધારણ કર્યું.

૮. આ સ્વરૂપ અર્ચક જે ભક્ત તેને સંપૂર્ણ આધીન અને પરતંત્ર રહીને મંદિરમાં કે ઘરમાં પ્રતિમારૂપે વિરાજે છે.

૯. પોતે સર્વ શક્તિમાન હોવા છતાં સર્વ સહિષ્ણું થઈ મૂર્તિ દરમ્યાન પોતાના ભક્તના અપરાધો જોતા નથી.

૧૦. પોતાની દૈનિક ક્રિયાઓ ભક્તને આધિન રાખે છે.

૧૧. અર્ચારૂપે પરમાત્માનું એક જ કાર્ય : વિમુખ જનના દોષ ન જોતાં તેને પોતાને શરણે લઈ તેનાં સર્વ મનોરથ પૂરા કરવા એ જ છે.

૧૨. અર્ચાવતારસ્સર્વેષા બાન્ધવો ભક્તવત્સલ. અર્થાત્ પોતે ભક્તના સ્વામી હોવા છતાં સર્વ શક્તિમાન હોવા છતાં પરતંત્રને, પરાધીન અશક્ત - અસમર્થ, સર્વતંત્ર સ્વતંત્ર હોવા છતાં પરતંત્ર થઈને રહે છે.

૧૩. ભગવાન સ્વયં સર્વજ્ઞ હોવા છતાં અજ્ઞાની માફક સર્વસહિષ્ણુ રહી અમાપ કરૂણા વડે ભક્તોની ઈચ્છા પૂરી કરે છે.

૧૪. રામાનુજ મત અનુસાર પણ બીજા સ્વરૂપો કરતા અર્ચાસ્વરૂપએ પોતામાં રૂચિ ઉપજાવનારું, સુલભ ને ભક્તના દોષ ન જોનારૂં એવું સ્વરૂપ હોવાથી ભક્તને પ્રથમ સેવાપૂજાનો અધિકાર અર્ચાસ્વરૂપ માટે જ છે.

૧૫. બધાએ ધામમાં રહેલા ભગવાનની જ સેવા, પૂજા, અર્ચા કરવાની છે. પરંતુ આપણે માયાવેષ્ટિત હોવાથી સીધો 'પર' સ્વરૂપની સેવાનો અધિકાર મળતો નથી.

૧૬. મૂર્તિની પૂજાથી જેમ જેમ આપણાં પાપ ધોવાતાં જાય છે તેમ તેમ વિભવ, વ્યૂહ, પરને અંતર્યામીની ઉપાસનાથી ઉત્તરોત્તર અધિકાર મળે છે. આમ, આ પ્રાકૃત-દિવ્ય 'પર' સ્વરૂપની સેવાના અધિકાર માટે અર્ચાસ્વરૂપ એ સુલભ અને પ્રથમ પગથિયું છે.

૨. **માંસાહાર અંગે વેદોની સ્પષ્ટતા (૧૨-૧૫)** વેદમાં જાણવા મળે છે કે આર્યોના યાજ્ઞિક ઈતિહાસમાં ભિન્ન ભિન્ન બે સમય છે, જેમાંથી એકમાં પશુહિંસા નથી મળી આવતી અને બીજામાં મળી આવે છે. પહેલો આદિમકાલ અર્થાત્ શુદ્ધ સંહિતાકાલ છે અને બીજો રાવણકાલથી લઈને આધુનિક બ્રાહ્મણ અને સૂત્રકાલ છે. આદિમકાલ અર્થાત્ સંહિતાકાલના યજ્ઞોમાં પશુહિંસા અને મદ્યમાંસનું સેવન નહોતું થતું, પણ રાવણકાલથી લઈને વચ્ચેના સમયના યજ્ઞોમાં કંઈક કંઈક થતું હતું. આ આરોપની પુષ્ટિમાં કેટલાંક પ્રમાણો અહીં ઉપસ્થિત કર્યાં છે, જે આ પ્રકારનાં છે : (૧) વેદોમાં યજ્ઞને માટે જેટલા શબ્દો આવે છે, તેઓમાંથી કોઈના પણ અર્થમાં પશુવધ અથવા હિંસા સૂચિત નથી થતી, પરંતુ અધ્વર શબ્દથી અહિંસા જ સૂચિત થાય છે. ધ્વર શબ્દનો અર્થ છે હિંસા અને અધ્વરનો અહિંસા. અહિંસાને જ માટે યજ્ઞોમાં અધ્વર્યુની નિયુક્તિ થાય છે અને એ યજ્ઞમાં કાયિક, વાચિક અને માનસિક કોઈ પ્રકારની હિંસા નથી થવા દેતો. ત્યાં સુધી કે નાના નાના કીડાઓને પણ અગ્નિમાં બળી જવાથી બચાવે છે. તેથી વેદીમાં ત્રણ પરિખાઓ બનાવવામાં આવે છે અને તેમાં પાણી ભરી દેવામાં આવે છે. (૨) યજ્ઞોમાં જે ગોનો વધ બતાવવામાં આવે છે, વેદોમાં તેનાં કેટલાંયે નામો છે. તે નામોમાં એક નામ **'अध्न्या'** પણ છે. **'अध्न्या'** નો અર્થ કોઈપણ સ્થિતિમાં પણ નહિ મારવા યોગ્ય છે. જો ગો યજ્ઞોમાં વધ્ય હોત તો તેનું નામ આ પ્રકારનું ન હોત. તે યજ્ઞ માટે વધ્ય સમજી જાત. પણ આ પ્રમાણેનાં અન્ય અર્થો કરી તેને માટે ગુંજાયશ જ નથી રાખવામાં આવી. (૩) વેદોમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે માંસ બાળનારો અગ્નિ, યજ્ઞમાં પ્રયુક્ત કરવામાં ન આવે. માંસ બાળનાર દેવતા ઘણું કરીને ચિતા જ હોય છે. જ્યારે વેદોમાં ચિતાના અગ્નિને શુદ્ધ યજ્ઞમાં લાવવાનો નિષેધ છે, તો પછી પશુમાંસથી યજ્ઞ કરવાની કેવી રીતે આજ્ઞા હોઈ શકે ? વેદમાં સ્પષ્ટ લખેલું છે કે - ''હું માંસ ખાનાર અગ્નિને દૂર કરું છું. તે પાપવહન કરનાર છે. તેથી યમરાજને ઘેર જાય. અહીંયા બીજો જ અગ્નિ જે સર્વનો જાણેલો અને દેવોને માટે હવિ વહન કરનાર છે, તેને રાખું છું. (ઋગ્વેદ : ૧૦-૧૬-૯) ''જે માંસભક્ષક અગ્નિ તમારા ઘરોમાં પ્રવેશ કરે છે, તેને પિતૃયજ્ઞને માટે દૂર કરું છું. તમારાં ઘરોમાં બીજા જ અગ્નિને જોવા ઈચ્છું છું, તે જ ઉત્તમ સ્થાનોમાં ધર્મને પ્રાપ્ત થાવ.' (અર્થવ. ૧૨/૨/૭) આ પ્રમાણે ઉપરોક્ત બન્ને મંત્રોમાં બતાવેલું છે કે માંસ બાળનાર અગ્નિ ન તો દેવયજ્ઞોમાં રહી શકે છે, ન તો

પિતૃયજ્ઞોમાં. કેમ કે બન્ને યજ્ઞો ઘરમાં જ થાય છે. અહીંયાં માંસ બાળનાર અગ્નિને ઘરથી દૂર યમરાજ્યમાં મોકલી રહ્યા છે. મૂલ સંહિતાના આ મૌલિક પ્રમાણોથી જાણવા મળે છે કે વેદો અનુસાર યજ્ઞોમાં હિંસા અને ગોવધ આદિ ન હોઈ શકે. ત્યાં સુધી કે માંસ બાળનારો અગ્નિ પણ યજ્ઞોમાં નથી લાવી શકાતો. જ્યારે વૈદિક યજ્ઞ માંસ અને હિંસાનો આટલો નિષેધ કરે છે અને આ વાતોથી આટલા દૂર ભાગે છે, તો એ જ સિદ્ધ થાય છે કે આદિમકાલમાં-સંહિતાકાલમાં માંસયજ્ઞ થતા ન હતા. સંહિતાકાલમાં માંસયજ્ઞ નહિ હોવાનું સૌથી મોટું કારણ આર્યોનું હિંસાથી ડરવું જ છે. યર્જુવેદમાં આ પ્રકારનાં વચનાંશો મળે છે, જેનાથી સૂચિત થાય છે કે તેઓ પશુઓને પાળતા હતા, ન કે તેમની હિંસા કરતા હતા. 'પશુઓની રક્ષા કરો, ગાયને ન મારો, બકરીને ન મારો, ઘેટાને ન મારો, આ મનુષ્ય અને દ્વિપદ પક્ષીઓને ન મારો, એક ખરીવાળા ઘોડા અને ગધેડાને ન મારો, અને કોઈપણ પ્રાણીને ન મારો.'' અહીંયા કોઈપણ પશુપક્ષીને મારવાની આજ્ઞા નથી. એટલું જ નહિ પણ સ્પષ્ટ લખ્યું છે કે ગાયનું આ દૂધ, દહીં અને ઘૃત જ ખાવાં યોગ્ય છે, માંસ નહિ. (અર્થવ. ૯-૬-૯) ઋગ્વેદમાં લખ્યું છે કે જે રાક્ષસ મનુષ્યનું, ઘોડાનું અને ગાયનું માંસ ખાતો હોય તથા દૂધની ચોરી કરતો હોય તેના શિરને ચગદી નાખવું જોઈએ. (ઋગ્વેદ : ૮-૪-૧૮) અર્થવવેદમાં લખ્યું છે કે માંસાહારી, શરાબ પીનાર અને વ્યભિચાર કરનાર એક સરખાં જ મારી નાખવા યોગ્ય છે. આ પ્રમાણેથી સૂચિત થાય છે કે વેદોમાં પશુઓને મારવાની અને તેના માંસને ખાવાની સખ્ત મનાઈ છે. વૈદિકકાલમાં મનુષ્ય માંસ ખાતો ન હતો અને વૈદિકકાલ અર્થાત્ મનુષ્યોત્પત્તિકાલમાં મનુષ્યની પ્રવૃત્તિ પણ માંસની તરફ ન હતી. કેમ કે માંસમાં કોઈ સ્વાદ જ નથી, તો તેને જોઈને મનુષ્યની રુચિ જ થઈ શકતી નથી. તેથી આદિમકાલમાં-વૈદિકકાલમાં મનુષ્ય માંસાહારી ન હતો. માંસાહારી પ્રાણીઓની સાથે મનુષ્યની સમતા જ નથી. આ વાત નીચે આપેલ કારણોથી સ્પષ્ટ થાય છે. (૧) જેટલાં માંસાહારી પ્રાણીઓ છે તે બધાં જીભથી પાણી પીએ છે. (૨) જેટલાં પ્રાણી માંસાહારી છે તે બધાં અંધારામાં જોઈ શકે છે. (૩) જેટલાં પ્રાણી માંસાહારી છે તેમનાં શરીરે પરસેવો થતો નથી. (૪) જેટલાં પ્રાણી માંસાહારી છે તે બધાં મૈથુન વખતે ચોંટી જાય છે. (૫) જેટલાં પ્રાણી માંસાહારી છે તેમનાં બચ્ચાંની આંખો જન્મ વખતે બંધ રહે છે. (૬) જેટલાં પ્રાણી માંસાહારી છે તેમનાં દાંત અણીદાર અને ખૂંપી જાય તેવા હોય છે. (૭) જેટલાં પ્રાણી માંસાહારી છે તેમનાં આંતરડાં શરીરનાં પરિમાણથી મોટાં હોય છે. (૮) જેટલાં પ્રાણી માંસાહારી છે તે બધાં ભયાનક આકારવાળાં હોય છે. પરંતુ ઘાસ અને ફળફૂલ ખાનારાઓમાં આમાંનું એક પણ લક્ષણ નથી મળી આવતું. તેથી જ્ઞાત થાય છે કે મનુષ્ય સ્વભાવથી માંસ ખાનાર નથી. તેનું માંસભક્ષણ કરવું અસ્વાભાવિક છે, અને પાછળનું છે. પરંતુ વેદ આદિમકાલીન છે, તેથી વેદોમાં પશુવધ અને માંસાહારની વિધિ હોઈ શકતી નથી.

❑ ❑ ❑